# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૨૬ • તા. ૨૩ જુન થી ૨૯ જુન ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ Regn. No. MH/MR/East/53/2012-14


## શ્રી સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા દક્ષિણમાં જ્ઞાતિ જનજાગરણ - સંપર્ક અભિયાન

### કોઈમ્બતુર - બેંગલોર - ચેન્નાઈના કાર્યક્રમોની ઝલક

દેશાવળમાં જ્ઞાતિજનો જ્ઞાતિ પ્રશ્નોની ચર્ચામાં ઉમંગે સહભાગી થયા.














શ્રી સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા
સંપર્ક અભિયાન

# બીજી નવ્વાણું યાત્રાની ભૂરી ભૂરી અનુમોદના....

## ગિરીવર દર્શન વિરલા પાવે!



### ચિ. પુનિત તુષાર મોમાયા (ઉ.વ. ૧૫)

(સાંયરા-ડોંબીવલી)

*અસ્થિર હોય કદમ જેના તેને માર્ગ જડતો નથી,*
*પણ અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.*

દેવ-ગુરૂની અસીમ કૃપાથી શ્રી સિદ્ધ ગિરીરાજ શાશ્વતા શેત્રુંજય તીર્થની ૯૯ યાત્રા શાતાપૂર્વક પૂર્ણ કરી જિનશાસનનું નામ ઉજ્જવળ કર્યું છે. તેની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

: શુભાશિષ :

**માતા-પિતા :** સૌ. હિના તુષાર મોમાયા (સાંયરા)
**દાદીમાં :** સ્વ. અ.સૌ. સરલાબેન જીવરાજ મોમાયા
**નાનીમાં :** માતુશ્રી હિરબાઈ વિરચંદ ધરમશી (જખૌ)
**ભાઈ :** દર્શન તુષાર મોમાયા

# ગામ લાલાના મોતા કુટુંબનું ગૌરવ



### કુ. અવની ગીરીશ મોતા

**Avni Motta** student of Arena Animation, (Vile Parle) cracked the
"Adobe Certified Associate Exam" CS4 Photoshop
wherein she is the First student
who has successfully cleared the International Level Exam.

: શુભ આશિષ :

**માતુશ્રી ધનલક્ષ્મી શાંતિલાલ શીવજી મોતા**
**અ.સૌ. રીટા ગીરીશ મોતા**

: શુભેચ્છા :

Hotel Sea View & Sea Beach, Alibag - 402201. Mob: 98505 52003

| આદ્યતંત્રીઓ |
|---|
| **"પ્રકાશ"** |
| ડો. વેલજી પાશ્વીર ગોસર |
| **"સમીક્ષા"** |
| સનત્ શાહ અને |
| ગોવિંદજી જીવરાજ લોડાયા |
| **"પ્રકાશ સમીક્ષા"** |
| સનત્ શાહ |

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## "અનંત છાયા"ના સૂચિત વેચાણની મંજૂરી માટે ચેરીટી કમીશ્નરને મા.ટ્રસ્ટી સાહેબોએ કરેલ અરજીના ગુણદોષની ભીતરમાં... *-લેખકઃપ્રવીણ દેવજી ખોના*

મા. ટ્રસ્ટી સાહેબોએ "અનંતછાયા"ના સૂચિત વેચાણની મંજૂરી માટે ચેરીટી કમીશ્નરને જે અરજી કરેલ છે તેની એક નકલ હાથ ચડતાં તેનો અભ્યાસ કર્યો તો તેમાં અનેક અત્યાવશ્યક તથ્યો અપ્રગટ રાખવામાં આવ્યા છે, તેમજ કેટલીક ગેરરજુઆતો અને અસત્ય કથનો કરવામાં આવ્યા હોવાનું માલુમ પડયું છે.

નીચે એ અરજીમાંની વિવિધ વિગતો રજૂ કરવામાં આવેલ છે અને એ વિગતોના બારામાં જરૂરી પ્રતિભાવ નીચે નોંધ તરીકે રજૂ કરવામાં આવેલ છે.

(૧) અરજીના ફકરા ૪ અને ૫ માં જણાવવામાં આવેલ છે કે, ટ્રસ્ટના ઉદ્દેશો સ્કીમ ની કલમ ૧૫, ૧૬ અને ૧૭માં જણાવવામાં આવેલ છે. સ્કીમની કલમો ૧૫, ૧૬ અને ૧૭ જણાવે છે કે, દેરાસરના મકાનનો ઉપયોગ દેરાસર, ઉપાશ્રય, અને મહાજનશ્રીના ઓફીસના સમાવેશ માટે તથા જ્ઞાતિ મહાજનની મીટીંગો ભરવા માટે કરવાનો રહેશે. દેરાસર મકાનનો નહીં જોઈતો ભાગ તથા "સ્કીમ"ના શીડ્યુલ "B"માં જણાવેલ ૧૭ મકાનો ભાડે આપવા.

**નોંધ : સ્કીમની કલમ ૧૫, ૧૬ અને ૧૭ દેરાસરના મકાન અને સ્કીમમાં જણાવેલ અન્ય ૧૭ મકાનોના ઉપયોગ અંગે જણાવે છે, તે ટ્રસ્ટના ઉદ્દેશો નથી. ટ્રસ્ટના ઉદ્દેશો સ્કીમના કલમ ૧૮ અને ૧૯માં જણાવવામાં આવેલ છે. સ્કીમના કલમ ૧૮ "દેવદ્રવ્ય"ને લગતી છે. જ્યારે કલમ ૧૯ "સાધારણ" ખાતાને લગતી છે. કલમ ૧૮માં ૧૭ પેટા કલમો છે. પેટા કલમો (a) થી (p) "દેવદ્રવ્ય"નો શો ઉપયોગ કરવો તે જણાવે છે, જ્યારે છેલ્લી પેટા" કલમ (q)**

**જણાવે છે કે, દેવદ્રવ્યનો ઉપયોગ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ધર્મ અને અચલગચ્છના નિયમો અને રીવાજો અનુસાર કરવાનો રહેશે.**

**કલમ ૧૯માં ૨૪ પેટા કલમો છે. પેટા કલમો (a) થી (w) સાધારણ ખાતાના ફંડોનો શો ઉપયોગ કરવો તે જણાવે છે, જ્યારે છેલ્લી પેટા કલમ (x) જણાવે છે કે, સાધારણ ખાતાના ફંડોનો ઉપયોગ શ્વેતાંબર મૂર્તીપૂજક જૈન ધર્મના અને અચલ ગચ્છના નિયમો અને રીવાજો અનુસાર કરવો. કલમ ૧૯ની પેટા કલમ (O) ખૂબજ અગત્યની છે. કલમ ૧૯ની પેટા કલમ (O) સાધારણ ખાતાના ફંડોના ઉપયોગ બાબત જણાવે છે. જે નીચે પ્રમાણે છે.**

**૧૯(O) : "ટ્રસ્ટીઓ વખતો વખત નક્કી કરે તેવા ઓછા ભાડેથી જરૂરીયાતવાળા અને ગરીબ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોને ભાડે આપવા સારૂં બીલ્ડીંગો, ચાલો અને રહેવાનાં મકાનો ખરીદવા, બાંધવા અને પટે લેવા માટે પરંતુ તેવી રીતે ભાડે આપવામાં મજકૂર જ્ઞાતિના સભ્યોને પસંદગી આપવામાં આવશે."**

**"અનંતછાયાનું બાંધકામ સદર પેટા કલમ ૧૯(O) હેઠળ જ્ઞાતિજનોને રાહતના દરે રહેઠાણો ભાડે આપવા માટે કરવામાં આવેલ છે. સદર મકાન સાધારણ ખાતામાં આમેજ થાય છે.**

**ટ્રસ્ટીઓ સદર અરજીમાં "સ્કીમ"ની ઉક્ત કલમો ૧૮ અને ૧૯ જે ટ્રસ્ટના ઉદ્દેશો દર્શાવે છે તેનો ઉલ્લેખ બિલ્કુલ કરેલ નથી. કલમ ૧૯(O) હેઠળ "અનંત છાયા"નું બાંધકામ કરવામાં આવેલ છે તે પણ સદર અરજીમાં દર્શાવવામાં આવેલ નથી. ગરીબ અને જરૂરીયાતવાળા જ્ઞાતિજનોને રાહતના દરે રહેઠાણો ભાડે આપવા માટે અનંતછાયાનું બાંધકામ કરવામાં આવેલ છે તે પણ સદર અરજીમાં જણાવવામાં આવેલ નથી. તે દષ્ટિએ સદર અરજી ચેરીટીકમીશ્નરને**

ગેરમાર્ગે દોરનારી છે. ક્યા ઉદ્દેશ કે હેતુ માટે "અનંતછાયા"નું બાંધકામ કરવામાં આવેલ છે તે અરજીમાં જણાવવું અત્યંત આવશ્યક છે. બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૬(૨) જણાવે છે કે, જો ચેરીટી કમીશ્નરની મંજૂરી છળકપટ કે ગેરરજૂઆત કે ચેરીટી કમીશનરથી અગત્યની બાબતો છૂપાવીને મેળવવામાં આવી હોય તો ચેરીટી કમીશ્નર આપેલી મંજૂરી પાછી ખેંચી શકે છે. સ્કીમની કલમ ૧૯(O) હેઠળ મકાન જો વેચાય તો તે પેટે મળેલા રકમનો ઉપયોગ સદર કલમ ૧૯(O)ના ઉદ્દેશ કે હેતુ માટેજ કરવાનો રહે. એટલે કે, ગરીબ અને જરૂરીઆત મંદ જ્ઞાતિજનોને રાહતના દરે રહેઠાણો ભાડે આપવા માટે જ તે રકમનો ઉપયોગ કરવાનો રહે, નહીં કે અન્ય ઉપયોગો માટે. આમ અરજીમાં હકીકતો ન દર્શાવવાની ગેરરજુઆત કરવાની અને ચે.ક.ને ગેર રસ્તે દોરવવાની ક્ષતિઓ થયેલ છે.

(૨) અરજીના ફકરા-૬માં જણાવવામાં આવેલ છે કે, સ્કીમની કલમ ૨૯ ટ્રસ્ટીઓને ટ્રસ્ટના કોઈ પણ સ્થાવર કે જંગમ મિલ્કત વેચવાનો અબાધિત અધિકાર આપે છે.

**નોંધ :** સદર અધિકાર અબાધિત નથી. જો એ અધિકાર અબાધિત હોય તો ટ્રસ્ટ એક્ટની કલમ ૩૬ અનુસાર ચે.ક.ની મંજૂરી માટે શા માટે અરજી કરવામાં આવેલ છે? મા. ટ્રસ્ટી સાહેબોએ ટ્રસ્ટનો વહિવટ ટ્રસ્ટ અને તેના લાભાર્થીઓ (જ્ઞાતિ અને જ્ઞાતિજનો) ના હિતો માટે કરવાનો રહે છે. ટ્રસ્ટીઓ ટ્રસ્ટની કોઈ સ્થાવર મિલકતનું વેચાણ ટ્રસ્ટ અને તેના લાભાર્થીઓના હિતને હાનીકારક હોય તેવી રીતે ન કરે તે માટે જ ટ્રસ્ટ એક્ટની કલમ ૩૬માં ચેરીટી કમીશ્નરની મંજૂરી ફરજીયાત કરવામાં આવેલ છે. એટલે મા. ટ્રસ્ટી સાહેબો એમ માનતા હોય કે એમનો ટ્રસ્ટની કોઈ પણ મિલ્કત વેચવાનો અધિકાર અબાધિત છે તો એ ભ્રમણા વહેલી તકે દૂર કરે.

વધુમાં કલમ જણાવે છે કે, આવી મંજૂરી વેચાણ કર્યા પહેલાંજ લેવાની રહે છે, જ્યારે "અનંતછાયા"ના બારામાં મા. ટ્રસ્ટી સાહેબોએ સદર વેચાણ કરીજ નાખેલ છે. અને ફક્ત ઔપચારિકતા (ફોર્માલીટી) ખાતર જ ચે.ક.ની મંજૂરી તેમણે લેવાની રહે છે, એ પ્રકારની ભ્રમણા તેમને હોય એમ લાગે છે. તેમણે અનંતછાયાના વેચાણનાં અનુસંધાનમાં લીધેલા પગલા સંપૂર્ણ ગેરકાયદેસરના છે તેનું વિવરણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવેલ છે. વેચાણ કર્યા બાદ ચે.ક. ની મંજૂરી લેવામાં આવે તો વેચાણ ગેરકાયદેસરનું ઠરે છે. (નીત્યાનંદ વી. બાસુદેવના કેસમાં ઓરીસ્સા હાઈકોર્ટનો ચૂકાદો)

મુંબઈ હાઈકોર્ટે લેટર્સ પેટન્ટ અપીલ નં.૬ અને કેસ ૭/૧૯૬૬ના ચૂકાદામાં જણાવેલ છે કે, ટ્રસ્ટ ડીડમાં ટ્રસ્ટીઓને ટ્રસ્ટની મિલ્કત વેચવાનો અધિકાર હોય તો પણ ચે.ક.ની મંજૂરી આવશ્યક રહે છે. ના. કોર્ટ વધુમાં જણાવે છે કે, મંજૂરી આપતા પહેલાં ચેરીટી કમીશ્નરે બે બાબતો અંગે પૂરતો વિચાર કરવાનો રહે છે ૧) મિલકતનું વેચાણ કરવાની ફરજીયાત જરૂરીયાત છે અને ૨) મિલકતનું વેચાણ કોઈ પણ રીતે ટ્રસ્ટ અને તેના લાભાર્થીઓને કોઈ પણ રીતે હાનિકારક નથી.

રમાબાઈ ગોવિંદ વી. રઘુનાથ વાસુદેવના કેસમાં મુંબઈ હાઇકોર્ટે ચૂકાદામાં જણાવેલ છે કે, ટ્રસ્ટની મિલ્કતના ટ્રસ્ટીઓ કાયદેસરના માલિકો છે ફક્ત તેજ કારણે ટ્રસ્ટની મિલ્કત વેંચવાનો ટ્રસ્ટીઓ અધિકાર નથી. કમરૂદ્દીન વિ. હુસેન શાહના કેસમાં ગુજરાત હાઈકોર્ટે જણાવેલ છે કે, પાછળથી મેળવેલ મંજૂરી ગેરકાયદેસર છે.

(૩) અરજીના ફકરા ૭ અને ૮માં જણાવવામાં આવેલ છે કે, ટ્રસ્ટ ઘાટકોપરમાં "અનંતછાયા"નામે મિલ્કત ધરાવે છે જેમાં પાંચ મકાનો અને એક દેરાસર આવેલા છે. પાંચ મકાનોમાં ૧૦૪ ભાડૂતો છે. ભાડાની વાર્ષિક આવક રૂા.૯,૬,૫,૨૬૮ થાય છે, જ્યારે રૂ ા.૬૮,૮૪૪ના મિલ્કતવેરા સાથે ખર્ચ રૂા.૭,૧૫,૫૯૮ થાય છે. જેના કારણે મામુલી બચત રહે છે. દરેક ભાડૂત ખૂબજ મોટા એરીયા પર કબજો ધરાવે છે, જે પેટે ખૂબજ મામુલી ભાડું આપે છે.

**નોંધ :** પાંચ મકાનોના વેચાણ સાથે દેરાસરનું પણ વેચાણ કરી નાંખવામાં આવેલ છે. ડેવલપર સાથે થયેલા MOU (જે બાબતનું વિવરણ હવે પછીના લેખમાં કરવામાં આવશે) મુજબ ડેવલપર ૧,૦૦૦ ચો.ફૂટનું એક દેરાસર તથા ૫૦૦ ફૂટનું એક ઉપાશ્રય "ટ્રસ્ટના ઉપયોગ માટે" બાંધી આપશે. પ્રશ્ન થાય છે કે, દેરાસરનું વેંચાણ થઈ શકે? મળેલ માહિતી અનુસાર પૂ.શ્રી અચલગચ્છાધિપતિએ જણાવેલ છે કે, દેરાસર વેંચી ન શકાય. ડેવલપર દેરાસર બાંધશે તેની માલીકી કોની રહેશે? MOU જણાવે છે કે, ટ્રસ્ટના ઉપયોગ માટે ડેવલપર દેરાસર બાંધશે એનો અર્થ એ થયો કે, ટ્રસ્ટ ફક્ત એ દેરાસરનો ઉપયોગ કરી શકશે, તેની માલિકી વિષે સ્પષ્ટતા ન હોવાથી એવો દાવો થઈ શકશે કે

**દેરાસર અને ઉપાશ્રયની માલીકી ડેવલપરની રહેશે. બીજું એ દેરાસર અને ઉપાશ્રયમાં અચલગચ્છની સમાચારી અનુસરાશે કે અન્ય ગચ્છની? સ્કીમની કલમો ૧૮(Q) અને ૧૯(X) પ્રમાણે ટ્રસ્ટનો વહિવટ અચલગચ્છની સમાચારી અનુસાર જ થઈ શકે.**

**અરજી વધુમાં જણાવે છે કે, ૧૦૪ ભાડૂતો ખૂબજ મોટા એરીયાના રહેઠાણો પર કબજો ધરાવે છે, જે સામે ભાડું ખૂબજ મામૂલી છે. A વીંગના ૪૦ ફ્લેટોનો એરીયા ૩૪૨ સ્કેફીટથી કરીને ૫૯૨ સ્કે.ફીટ છે, જ્યારે B થી E વીંગોના ૬૪ ફ્લેટનો એરીયા ૨૯૮ ચો.ફૂટ છે. નાનામાં નાના ૨૯૮ સ્કે.ફી.ના ૬૪ ફ્લેટોનું ભાડું ફ્લેટ દીઠ રૂા.૬૪૬.૬૬ થાય. જ્યારે A વીંગના ૪૦ ફ્લેટનું ભાડું રૂા.૭૭૨.૫૨ થી કરીને રૂા.૧,૨૮૪.૬૪ સુધીનું થાય. સરાસરી, ભાડું સ્કે.ફીટના રૂા.૨.૧૭ પૈસા થાય. આ ભાડું ભાડેથી અપાયેલા ફ્લેટો-બીજા મકાનોમાંના પ્રમાણમાં વધારે છે. એ ખ્યાલમાં રખાવું જોએકે અનંતછાયા સ્કીમની કલમ ૧૯(O) હેઠળ જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને રાહતના દરે રહેઠાણો ભાડેથી આપવા માટે બાંધવામાં આવેલ છે. એટલે ભાડું ઓછું આવે છે, તેથી એનું વેચાણ કરવું પડે છે એ દલીલ વજૂદ વગરની છે.**

(૪) અરજીના ફકરા-૯ અને ૧૦માં સદર વેચાણના કારણો આપવામાં આવેલ છે. મકાનો ૧૯૬૨ પહેલાં બાંધેલા હોવાથી તે સારી હાલતમાં નથી અને તેથી મોટા પાયે મરામત માંગે છે. ભાડાની બચત ખૂબજ મામુલી હોવાથી તેમનું મોટા પાયે મરામત કરવું શક્ય નથી. બીજું, ભાડૂતોને કાયદાનું રક્ષણ મળતું હોવાથી તેમને ખાલી કરાવવાનું પણ કઠીન છે. તેથી જો મકાનનું વેચાણ કરી દેવામાં આવે તો, એની મરામતથી ટ્રસ્ટ બચી જશે, અને ભાડૂતોને ડેવલપર તરફથી ડી.સી. રેગ્યુલેસનની કલમ ૩૩(૭) અનુસાર તેઓ જેટલો એરીયા ધરાવે છે તેટલો એરીયા મફતમાં ઓનરશીપના ધોરણે મળશે. વેચાણથી મળેલ રકમનું માન્ય સીક્યુરીટીસમાં રોકાણ કરવાથી ટ્રસ્ટને ઓછામાં ઓછું વાર્ષિક ૧૦% જેટલું વ્યાજ મળશે. જે આવક અત્યારની આવક કરતાં અનેકગણી વધારે હશે.

**(નોંધ : મકાનો ૬૦ વર્ષો કરતાં વધુ જૂના હોવાથી મરામત માંગે એ કૂદરતી છે.પરંતુ સામાન્યરીતે ભાડે અપાયેલા મકાનો અંગે મુંબઈમાં એવી પ્રથા છે કે ભારે મરામતનો અમુક ખર્ચ ભાડૂતોએ આપવાનો હોય અને અમુક ખર્ચ મકાનમાલીકે આપવાનો હોય. મરામતનો કેટલો ખર્ચ થશે એની ગણત્રી કરવામાં આવેલ છે કે? મકાનોની હાલત અંગે સ્ટ્રકચરલ એન્જીનીયરનો રીપોર્ટ મેળવવામાં આવેલ છે કે? માથું દુખતુ હોય તે માટે માથું કાપી ન નખાય! વધુમાં અરજીમાં જણાવવામાં આવેલ છે કે, ભાડૂતોને ખાલી કરાવવું કઠીન છે. શા માટે ભાડૂતોને ખાલી કરાવવા? કારણ? ડેવલપર ડી.સી. રેગ્યુલશનની કલમ ૩૩(૭) અનુસાર ભાડૂતોને તેટલી જ જગ્યા મફત ઓનરશીપથી આપશે એ વજૂદ વગરની દલીલ છે. ડી.સી. રેગ્યુલેશન (Development control regulation) તળ મુંબઈના ફક્ત માહીમ અને સાયન સુધીના એરીયાનેજ લાગુ પડે છે, તેની બહારનાને નહીં. આ પરથી એમ કહી શકાય કે ટ્રસ્ટીઓને મુંબઈ મ્યુનીસીપલ કોર્પોરેશનના બાંધકામ અંગેના નિયમોની પ્રાથમિક માહિતી પણ નથી વેચાણથી મળેલ રકમનું માન્ય સીક્યુરીટીસમાં રોકાણ કરવાથી ટ્રસ્ટને વધુ આવક થશે, એ દલીલ અસ્થાને છે માન્ય સીક્યુરીટીઓ ૧૦% જેટલું ઊંચું વળતર આપતી નથી. શ્રી અનંતનાથજી મહારાજનું ટ્રસ્ટ એ ધાર્મીક અને સખાવતી ઉદ્દેશો માટે બનાવવામાં આવેલ છે. જેનો હેતુ જ્ઞાતિ અને જ્ઞાતિજનોના હિતાર્થે કરવાનો છે. એ કઈ ધંધાદારી પેઢી નથી કે જેનો ઉદ્દેશ વધુને વધુ નફો કરવાનો હોય. ટ્રસ્ટના મકાનો ખાસ કરીને સ્કીમની કલમ ૧૯(O) હેઠળ બંધાયેલા હોય, તેમનું વેચાણ કરીને મળેલી રકમ નું સીક્યુરીટીઝમાં રોકાણ કરવાનો તર્ક ટ્રસ્ટના મૂળભૂત હેતુઓની વિરુધ્ધ છે. એટલે અરજીમાંની અનંત છાયાના વેચાણ માટેની દલીલો વજૂદ વગરની અને ટ્રસ્ટના હેતુની વિરૂધ્ધ છે. પારસી પંચાયત જરૂરીયાતમંદ પારસીઓ માટે વધુને વધુ રહેઠાણો બાંધી રહી છે, જ્યારે આપણા મા. ટ્રસ્ટી સાહેબો આપણા મકાનોને વેચવાની વેતરણમાં છે!**

(૫) અરજીના ફકરા ૧૧ માં જણાવવામાં આવેલ છે કે, મિલકતો પૂરતું વળતર ન આપતી હોવાથી તા.૨-૮-૧૧ના રોજ મળેલ અરજદાર (ટ્રસ્ટીઓ)ની સભામાં (જેની મિનિટસ્ અંગ્રેજીમાં લખાઈ છે) મિલ્કતનું રીડેવલપમેન્ટ કરવાનું અને તે માટે ચેરીટીકમીશ્નરને મંજૂરી માટે અરજી કરવાનું ઠરાવવામાં આવેલ. સદર સભામાં સર્વે ટ્રસ્ટીઓ હાજર હતા તેવી નોંધ છે. તે માટે મિલ્કતના વેચાણ માટે ઓફરો મંગાવવા છાપામાં જાહેરાત આપવાનું ઠરાવવામાં આવેલ. અરજદાર (ટ્રસ્ટીઓ)

એ વેચાણ માટે નક્કી કરેલ શરતો અનુસાર, ખરીદ કરનારે, નાણાંકિય કિંમત આપવા ઉપરાંત ૧,૦૦૦ સ્કે.ફીટનું એક દેરાસર અને ૫૦૦ સ્કે.ફીટનું એક ઉપાશ્રય પણ બાંધવાનું રહેશે. ભાડૂતો સાથે સમાધાન કરવાની જવાબદારી ખરીદનારની રહેશે.

**(નોંધ : અનંતછાયાનું બાંધકામ ટ્રસ્ટને કમાણી થાય એ માટે કરવામાં આવેલ નથી. જરૂરીયાતમંદ જ્ઞાતેજનોને રાહતના દરે રહેઠાણો ભાડે આપવા માટે કરવામાં આવેલ છે. અનંતછાયાનું રીડેવલપમેન્ટ કરવા એનું વેચાણ કરવું જ જરૂરી છે? તેના વગર અન્ય રીતે રીડેવલપમેન્ટ ન કરી શકાય? વૈકલ્પિક યોજના ન વિચારી શકાય? અનંતછાયાની જમીનનું વેચાણ કરી દેવાથી જમીન પરના સઘળા હક્ક ચાલ્યા જશે અને ભવિષ્યમાં હજુ વધારે FSI મળશે તો તેનો લાભ ખરીદનારને રહેશે, ટ્રસ્ટને નહીં. દેરાસર અને ઉપાશ્રયના વેચાણ અંગે ઉપર લખાઈ ગયું છે. અરજીમાં જણાવવામાં આવેલ છે કે, મીટીંગમાં સર્વે ટ્રસ્ટઓ હાજર હતા, અને સર્વે વેચાણ માટે સંમત થયા હતા. પરંતુ સભાની મીનીટસ્‌ના ઉતારામાં એક ટ્રસ્ટીની સહી નથી. તેથી મિનિટસ્ કોઈએ પહેલાંથી તૈયાર કરેલ અંગ્રેજી નકલનો બેઠો ઉતારો છે તેવું સ્પષ્ટ થાય છે.**

(૬) અરજીના ફકરા ૧૨ થી ૧૯મા વેચાણ માટે શું શું કાર્યવાહી કરવામાં આવી અને આખરે મે. કીલેન્ડ ડેવલપરને રૂા.૪૦ કરોડમાં, ચે.ક.ની મંજૂરીને આધીન, વેચાણ કરવામાં આવેલ છે તેની વિગતો આપી છે.

તા.૧૦-૧૦-૧૧ ના દિનના મુંબઈ લક્ષદ્વીપ, ફ્રીપ્રેસ જરનલ અને મુંબઈ સમાચારમાં વેચાણ માટે ઓફરો મંગાવતી જાહેરાતો આપવામાં આવી. તે દરમ્યાન મે.એ.પી. માણીયાર અને નામાવટી, આર્કીટેક્ટ્સ અને એન્જીનીયર, પાસેથી અનંતછાયાનું વેલ્યુએશન રીપોર્ટ મેળવવામાં આવેલ. તેમણે તા.૬-૬-૧૧ના દિને અનંત છાયાનું રૂા.૨૨.૨૮ કરોડનું વેલ્યુએશન કરેલ છે. તે ઉપરાંત વેચાણ માટેની શરતો પણ નક્કી કરવામાં આવેલ જે ટેન્ડર ફોર્મમાં શામેલ કરાયેલ.

નીચેના ચાર સંભવિત ડેવલપરોને ટેન્ડર ફોર્મ આપવામાં આવેલ. (૧) કીલેન્ડ ડેવલપર્સ, (૨) માન રીએલટર્સ એન્ડ હોલ્ડીંગ્સ પ્રા.લી., (૩) શ્રી નમન ડેવલપર્સ લી. અને (૪) શીવ સાઈ ડેવલપર્સ.

ટેન્ડર ફોર્મ રૂા.૧૫ કરોડની ડીપોઝીટ સાથે તા.૯-૧૧-૧૧ના કે તે પહેલાં આપવાના હતા. ટેન્ડર ફોર્મ તા.૧૧-૧૧-૧૧ના સાંજના ૫.૦૦ વાગ્યે ખોલાયા. ટ્રસ્ટને નીચેના બે ડેવલપર્સ પાસેથી ટેન્ડર મળ્યા. (૧) મે. કીલેન્ડ ડેવલપર્સ અને (૨) શ્રી નમન ડેવલપર્સ લી. તા.૧૧-૧૧-૧૧ના રોજ ટ્રસ્ટ બોર્ડની સભામાં (જેની મિનિટસ્ પણ અંગ્રેજીમાં લખાઈ છે) બોલાવવામાં આપેલ સદર બે ડેવલપર્સની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવતાં તેમની પાસેથી નીચે પ્રમાણે ઓફરો મળેલ.

૧) મે. કીલેન્ડ ડેવલપર્સ રૂા.૩૬,૩૬,૩૬,૩૬૯. (૧,૦૦૦ સ્કે. ફૂટના દેરાસર અને ૫૦૦ સ્કે. ફૂટના ઉપાશ્રયના બાંધકામ સાથે)

૨) મે. નમન ડેવલપર્સ લી. રૂા.૩૫,૧૦,૦૦,૦૦૦ અંગ્રેજીમાં લખાયેલ મિનિટસની નોંધ પ્રમાણે, બન્ને ડેવલપરો વચ્ચે બોલી બોલાતાં આખરે મે. કીલેન્ડ ડેવલપર્સને રૂા.૪૦ કરોડમાં વેચાણ કરવાનું નક્કી કરવામાં આવેલ.

ટ્રસ્ટીઓએ એ ડેવલપર સાથે કરેલ M.O.U. માં દર્શાવેલ વેચાણની શરતો અનુસાર ભાડૂતો સાથે સમાધાન કરવાની જવાબદારી મે. કીલેન્ડ ડેવ.ની રહેશે. પરંતુ, એ ચે.ક.ની મંજૂરી મળે તે પહેલાં જ જો અરજદાર (ટ્રસ્ટીઓ) ભાડૂતો સાથે સમાધાન કરાવી આપે તો ડેવલપર ટ્રસ્ટને રૂા.પાંચ કરોડ વધારાના આપશે.

**નોંધ : અરજીમાં જણાવવામાં આવેલ છે કે, તા.૨-૮-૧૧ના રોજ મળેલ ટ્રસ્ટ બોર્ડની મીટીંગમાં સર્વે ટ્રસ્ટીઓ હાજર હતા અને તેઓ અનંતછાયાના વેચાણ માટે સંમત થયા હતા. પરંતુ સદર મીટીંગની મીનીટ્સમાં ફક્ત આઠ ટ્રસ્ટીઓનીજ સહી છે. એક ટ્રસ્ટીએ સહી કરેલ નથી.**

**વેચાણ માટે ઓફરો મંગાવતી જાહેરાત ત્રણ દૈનિકોમાં આપવામાં આવેલ. "મુંબઈ લક્ષદ્વીપ"નું નામ તો આપણામાંથી ભાગ્યેજ કોઈએ સાંભળ્યું હશે.**

**ટેન્ડર ફોર્મ ફક્ત બેજ ડેવલપરે પરત કરેલ. મે. કીલેન્ડ ડેવલપર્સે ટેન્ડર સાથે રૂા.૧૫ કરોડની ડીપોઝીટ આપેલ. મે. નમન ડેવલપર્સે એ ટેન્ડર સાથે રૂા.૧૫ કરોડની ડીપોઝીટ આપેલ કે? ટ્રસ્ટીઓએ કરેલ અરજીમાં મે. નમન ડેવલપર્સના રૂા. પંદર કરોડના ચેકની બિલકુલ વિગત આપવામાં આવી નથી. તેથી જો તેણે ટેન્ડર સાથે રૂા.૧૫ કરોડનો ચેક મોકલેલ ન હોય તો તેની ઓફર ટ્રસ્ટીઓએ કેમ વિચારણા માટે લીધી તે પ્રશ્ન ઊભો થઈ શકે.**

**તા.૧૧-૧૧-૧૧ના રોજ ટેન્ડર ખોલીને બોલી બોલાવીને રૂા.૪૦ કરોડમાં વેચાણ નક્કી કરવામાં**

આવેલ તેવો દાવો કરવામાં આવે છે અને તા.૧૭-૧૧-૧૧ના રોજ મે. કીલેન્ડ ડેવલપર્સ સાથે MOU કરી દેવામાં આવેલ. જ્ઞાતિને આ સર્વે બાબતોથી અજાણ રાખવામાં આવેલ. શા માટે? જ્ઞાતિપત્રોમાં જ્ઞાતિની જાણ ખાતર શા માટે જરૂરી માહિતી કે જાહેરાત આપવામાં નહીં આવેલ? MOU શા માટે ગુપ્ત રાખવામાં આવેલ? આ લખનારે MOU ની કોપી આપવા મા. ટ્રસ્ટી સાહેબોને તા.૧૧-૫-૧૨ના પત્ર લખેલ અને કોપી માટે થનાર સર્વ ખર્ચ આપવાની તૈયારી બતાવેલ. ટ્રસ્ટ ઓફીસ તરફથી તા.૫-૬-૧૨ના ફોન પર જણાવવામાં આવેલ કે, MOU નીકોપી મળશે નહીં, જો ઇચ્છા હોય તો ટ્રસ્ટની ઓફીસમાં આવી તે વાંચી જશો. જો મા. ટ્રસ્ટી સાહેબોને મળવાની ઇચ્છા હોય તો બુધવાર, તા.૬-૬ના તેમને મળી શકશો આ લખનારે બન્ને બાબતો નકારી કાઢેલ.

MOU ખાનગી રાખવાનું કારણ શું? ટ્રસ્ટ એક્ટની કલમ ૩૬ અનુસાર વેચાણ માટે ચે.ક.ની મંજૂરી લેવી પડે છે. મુંબઈ હાઈકોર્ટ અને અન્ય કોર્ટોના સંખ્યાબંધ ચૂકાદાઓ પ્રમાણે ટ્રસ્ટ અને લાભાર્થીઓનું શ્રેષ્ઠ હિત જળવાય એ જોવાની ચે.ક.ની ફરજ છે. તે માટે ચે.ક.ફરીથી વેચાણ માટેની ઓફરો મંગાવે છે અને પોતાની હાજરીમાંજ ઓફર કરનારાઓ વચ્ચે બોલી બોલાવે છે અને જે ઓફર ટ્રસ્ટ અને લાભાર્થીઓના સવિશેષ હિતમાં હોય તે ઓફર (જરૂરી નથી કે તે વેચાણની જ હોય) તે મંજૂર કરે છે.

બીજું, ટેન્ડરની તારીખ વીતી ગયા બાદ પણ કોઈ નવી પાર્ટી ખરીદી માટે ઓફર આપી શકે છે, અને ચે.ક.એના પર ધ્યાન આપે છે ટ્રસ્ટના હિતમાં અ.છા.ના ભાડૂતોને પણ MOU ની કોપીઓ ડેવલપર્સની ફેવરમાં જગ્યા ખાલી કરવાના કન્સેન્ટ લેટર પર સહી કરે તે બાદજ આપવામાં આવેલ. MOU આટલુ બધું ખાનગી રાખવાનું કારણ શું?

મા. ટ્રસ્ટી સાહેબો અને ડેવલપરને શું ભીતી હતી કે, વેચાણ માટે નક્કી થયેલ શરતો કરતાં પણ ટ્રસ્ટને વધુ ફાયદાકારક ઓફર અન્ય કોઈ આપે જેને ચે.ક. મંજૂર કરે અને મે.કીલેન્ડ ડેવ.ને વેચાણ ન થશે? એટલે ભલે ટ્રસ્ટીઓએ આખી મિલકત વેચાણ કરવા અરજી કરેલ છે પરંતુ જો કોઈ ડેવલપર દ્વારા એવી ઓફર ચેરીટી કમીશનર સમક્ષ હજી પણ કરવામાં આવે કે જેની મુખ્ય શરતોમાં તે ડેવલપર દ્વારા વેચાણ કરવામાં આવનાર ફ્લેટો ફક્ત જૈનોને જ વેચવામાં આવશે અને એ મકાનની જમીન લીઝ પર લેવા તે તૈયાર છે તો ચેરીટી કમીશનર તે ઓફર (થોડી ઓછી કિંમતની હોવા છતાં પણ સ્વીકારે તેવી પૂરેપૂરી શક્યતા છે.

(૭) અરજી સાથે એક સોગંદનામું (verification) લગાડવામાં આવેલ છે. જેમાં સહી કરનાર એક મા. ટ્રસ્ટી સાહેબ જણાવે છે કે સદર અરજીમાં જે કંઈ લખવામાં કે જણાવવામાં આવેલ છે તે મારી જાણ અનુસાર સત્ય છે.

**નોંધ :** આપણે ઉપર જોઈ ગયા કે, અરજીમાં કેટલાય બાબતો અસત્ય કે અર્ધ સત્ય છે, કેટલીય બાબતો છૂપાવવામાં આવેલ છે અને ચે.ક.ને ગેરરસ્તે દોરવાવાળી છે. તો એ સોગંદનામું કેટલી હદે સ્વીકારવા લાયક છે?

ટ્રસ્ટીઓ અને ડેવલપર વચ્ચે થયેલ M.O.U. વિષે વિવરણ હવે પછીના લેખમાં કરવામાં આવશે.

"અનંતછાયા" વેચાણ પ્રકરણ શ્રી અનંતનાથજી મહારાજ દેરાસરજી ટ્રસ્ટ અને જ્ઞાતિના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ બનાવ છે, જેનો જ્ઞાતિમાં મોટા પાયે વિરોધ થઈ રહ્યો છે. શું ઘણા વર્ષોની શાંતિ બાદ જ્ઞાતિએ કોર્ટના દરવાજા જોવાના રહેશે?

## મુંબઈ અને પરાંનાં ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ જોગ

મુંબઈ વસતાં જ્ઞાતિનાં સમસ્ત વિદ્યાર્થીઓ જેઓ ભણતર માટે રેલ્વે દ્વારા અવરજવર કરતા હોય છે. તેમનાં રેલ્વે પાસનાં ખર્ચ ઉપર **૫૦% રાહત** નીચેના સ્થળ ઉપરથી મળી શકશે.

**-: સંપર્ક :-**

**માણેકજી મોતા ચેરીટેબલ ટ્રસ્ટ**

૨૦, કાપડિયા ચેમ્બર્સ,
૫૧, દેવજી રતનશી માર્ગ,
મસ્જીદબંદર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૦૯

**નોંધ :** વિદ્યાર્થીએ રેલ્વે પાસ તથા આઈ.ડી.ની ઝેરોક્ષ કોપી તથા સ્કુલ/કોલેજના આઈ.ડી. કાર્ડની કોપી સાથે લાવવી જરૂરી છે.

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ

***(57 years of dedicated service to the students community)***

***(Together towards tomorrow...)***

કાર્યાલય : ભેદાભવન, જેઠાભાઈ લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

## વ્યવસ્થાપક સમિતિ (વર્ષ ૨૦૧૨ - ૨૦૧૪)

| | |
|---|---|
| પ્રમુખ | : **શ્રી અનુજ ગિરીશ મેઘજી લોડાયા** (ચેમ્બુર વિદ્યાર્થીગૃહ - રવા) |
| ઉપપ્રમુખ | : **શ્રી મયંક જીતેન્દ્ર જીવરાજ મોમયા** (ભાંડુપ-સાંયરા) |
| માનદમંત્રી | : **કુ. દર્શના કિશોર વિશનજી છેડા** (ડોંબિવલી-સુથરી) |
| સહમાનદમંત્રી | : **શ્રી તેજસ મહેન્દ્ર ગોવિંદજી ખોના** (ભાંડુપ-જખૌ) |
| | **ઉર્મીન જયેશ મણીલાલ લોડાયા** (ઘાટકોપર-સુથરી) |
| કોષાધ્યક્ષ | : **ભાવિન અરુણ ગોવિંદજી નાગડા** (વિદ્યાર્થીગૃહ ભાંડુપ-જખૌ) |
| સહકોષાધ્યક્ષ | : **શ્રી હેમિલ જયેશ દામજી દંડ** (ઘાટકોપર-વરાડીયા) |
| | **શ્રી ઉર્વેશ ભરત શામજી છેડા** (કાંજુરમાર્ગ-નલિયા) |
| કારોબારી સભ્યો | : **શ્રી કેવલ નિતીન ખેતશી મોતા** (ડોમ્બીવલી-કુવાપધર) |
| | **શ્રી રિતેશ મહેન્દ્ર રાયચંદ લાપસીયા** (વિદ્યાર્થીગૃહ ભાંડુપ-દલતુંગી) |
| | **કુ. ભક્તિ જયેશ ભવાનજી દંડ** (મુલુંડ-નલિયા) |
| નિયુક્ત સભ્યો | : **શ્રી જીત વિરેન્દ્ર કરમશી પોલડીયા** (મુલુંડ-રંગપુર) |
| | **શ્રી રાજન (હિતેન) બદ્રીકાંત મેઘજી લોડાયા** (કાંજુરમાર્ગ-રવા) |
| કો. ઓપ્ટ. સભ્યો | : **શ્રી સુનિલ પદમશી લીલાધર લાલકા** (મુલુંડ-બાંઢીયા) |
| | **શ્રી બિપીન પાર્શ્વીર વીરજી નાગડા** (મુલુંડ-રંગપુર) |

**-: કાર્યાલય બાબતની સમિતિ :-**

**શ્રી વિરચંદ લાલજી મુનવર** (ઘાટકોપર-જખૌ)

**શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા** (ચેંબુર-રવા)

**શ્રી મુલચંદ લાલજી ખોના** (અંધેરી-જખૌ)

**શ્રી અનુજ ગિરીશ લોડાયા** (હોદાની રૂએ)

**કુ. દર્શના કિશોર છેડા** (હોદાની રૂએ)

**વિદ્યાર્થીસંઘની નોટબુક વિતરણ અને બુકબેંક યોજનાનો લાભ લેશો.**

**SSC અને તે પછીના દરેક વિદ્યાર્થીએ પોતાના પરીણામોની નકલ મોકલવી.**

# ધનવાનોને કન્યા કેળવણીને દાનમાં અગ્રતા આપવા અનુરોધ

- સૌ. લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા (મંત્રી-વનિતા જ્ઞાનમંદિર)

***"પ્રકાશ" દ્વારા ઈ.સ.૧૯૩૩માં મહિલા વિશેષાંક પ્રગટ થયો. એ ક.દ.ઓ. મહિલાઓની આગેકૂચની દૃષ્ટિએ નોંધપાત્ર સિધ્ધિ ગણાય. કચ્છથી મુંબઈ ગયેલા સમુદાયોમાં જૈન જ્ઞાતિ જેવા કેટલાક અપવાદ સિવાય ગાંધીજી ઈ.સ. ૧૯૨૫માં કચ્છમાં આવ્યા પછી જ જાનજાગૃતિનો જુવાડ આવ્યો અને શિક્ષણ લેવાની શરૂઆત થઈ.***

***જોકે, જ્ઞાતિમાં શિક્ષણની શરૂઆત સન ૧૮૬૫ની આસપાસથી અને કન્યા કેળવણીની શરૂઆત સન ૧૮૯૫ની આસપાસથી થઈ હતી. એટલે ૧૯૩૩માં જ્યારે કચ્છના ઘણા સમુદાયો શિક્ષણ અંગે પા... પા...પગલી ભરી રહ્યા હતા ત્યારે જ્ઞાતિ પાસે વિદુષી મહિલાઓની ફોજ હતી.***

***આ મહિલાઓની લેખની કેવી અને કેટલી સશક્ત હતી તેના દૃષ્ટાંત રૂપે પ્રસ્તુત છે એ પ્રકાશના અષાઢ ૧૮૮૯ ના અંકમાંથી બે લેખ..***

***- તંત્રી મંડળ***

ધર્મ અને આચરણની શુદ્ધિ માટે કેળવણીની ઘણી જરૂર છે. સ્ત્રીઓને કેળવણીથી વંચીત રાખી તેઓના હાથે ભવિષ્યની પ્રજા સુધરાવવાની આશા રાખવી વ્યર્થ છે.

સ્ત્રીઓને કેળવવા કોણે પ્રયત્ન કર્યો છે? વર્તમાન યુગમાં સ્ત્રીઓની જાગૃતીના આંદોલનો આવ્યાં છતાં પણ આપણાં સમાજની બાળાઓ તથા સ્ત્રીઓની દશા કેવી શોચનીય છે? સધવા તથા વિધવા સ્ત્રીઓને કેળવણી મેળવવાને માટે આપણી કોમની અંદર કોઈ પણ એવી સંસ્થા નથી.. જે છે તે વ્યવસ્થા વગરની.. પારસી તેમ જ અન્ય કોમની બાળાઓ તેમ જ સ્ત્રીઓને જાળવવાને માટે સાધનો પુરાં પાડે છે.

આપણી કોમમાં પહેલાં ઘણા શ્રીમંતો હતાં ને હજી પણ છે. છતાં પણ કેળવણીને વધારવા માટે કે પોતાની બેનોને ભણાવવાને માટે કંઈ પણ સાધનો ઉભા કરતા નથી.. જો પૈસાદારો અને કેળવાયેલાઓ પોતાની બાળાઓ અથવા ઘરની સ્ત્રીઓને કેળવવાની ફરજ સમજે નહીં તો સમાજની સ્ત્રીઓને કેળવવા અને આગળ લાવવા કોણ દરકાર કરે ? આપણી કોમમાં કેટલીક બાળાઓ બહુ બુદ્ધિશાળા અને ભણવાને ઉત્સાહી અને ચતુર માલમ પડે છે. છતાં પણ માબાપની આર્થિક સ્થિતીને લીધે તેઓ કેળવણી પામી શક્તી નથી.. તેને માટે આપણી જ્ઞાતિ કાંઈ પણ વ્યવસ્થા કરતી નથી.. પણ સમાજ હવે જરૂર કાંઈ પણ કરે એવી આશા છે.

આપણી જ્ઞાતિના કેટલાક ભાઈઓ તથા બેનો પુનર્લગ્ન વાસ્તે ચર્ચા ચલાવે છે. પણ આપણા સમાજની વિધવાઓની ઉન્નતિ માટે કંઈ પણ સાધનો કરે છે? આપણી જ્ઞાતિમાં કેટલીયે વિધવાઓ પોતાના ભરણપોષણને માટે વીસીયાતો જમાડે છે. સ્વાભાવિક તેમાં તેને ઉચ્ચ વિચારો ક્યાંથી આવે? તેથી તેઓમાંની કેટલીક અવનતિના રસ્તે ગબડે તો એમાં દોષ કોનો? પણ જો તેનું ભરણપોષણ થાય એવી સંસ્થાઓ હોય તો તેઓ કેળવણી પામીને તેઓ અવનતિના માર્ગે જવાના વિચારોને જરૂર અટકાયત કરી શકે છે.

બીજી કોમમાં વીસથી પચીસ વર્ષ સુધીની કુમારીકાઓ આપણએ જોઈ શકીએ છીએ. ત્યારે શરણ ભરેલું છે કે આપણી જ્ઞાતિમાં બાળા ૧૪ કે ૧૫ વર્ષની થાય કે તેઓના માબાપને ચિંતા ઉત્પન્ન થશે. તે ચિંતા થવાનું કારણનું મૂળ તપાસશું તો કેળવણીની જ ખામી છે.

બીજી કોમની મોટી ઉમરની બાળાઓ અને વિધવાઓ પોતાની ઉન્નતિના વાસ્તે શિક્ષિકા અગર કોઈ પણ જતનના હુન્નર ઉદ્યોગથી પોતાનું અને કુટુંબનું ભરણપોષણ કરે છે. આપણી કેટલીક વિધવા બેનો ભણવાનો પ્રયાસ કરે છે. પણ આર્થિક સ્થિતિની અડચણને લીધે તેઓ આગળ નથી આવી શક્તી.. તેથી આપણી બાળાઓ તથા વિધવા બેનોને સ્કોલરશીપની ઘણી જ જરૂર છે. તેમની જો આવી અડચણો જ્ઞાતિ હઠાવે તો ભવિષ્યમાં ઘણીયે બાળાઓ તથા વિધવાઓ કેળવણી લઈને પોતાનાં જીવન ઉન્નતિના માર્ગે લાવે.. વિધવાઓ કેળવણી લઈને જો સારા વિચારો કરે અને પોતાનું જીવન સુધારે તો તેઓને પછી પુનર્લગ્નની જરૂર જ ન રહે. તેઓના સારા વાસ્તે જો સમાજ પોતાના મન પર વાત લેશે તો કાર્ય જરૂર ફળીભૂત થશે એવી આશા છે. ***("પ્રકાશ"નાં આષાઢ ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪) ના અંકમાંથી સાભાર***

***નોંધ : "પ્રકાશ"નો સંવત ૧૯૯૦ નો આષાઢ મહિનાનો અંક મહિલા વિશેષાંક હતો આ અંક જોઈને મન પ્રફુલ્લિતથાય છે કેમ કે એ સમયે એટલે કે આજથી ૭૮ વર્ષ પહેલાં પણ જ્ઞાતિમાં મહિલા ઉન્નતિનો પક્ષ બળવત્તર રીતે મૂકી શકે તેમજ અનેક વિધ વિષય પર સાધિકાર લખી શકે એવી એક-બે મહિલાઓ નહીં પણ તેમની આખી ફોજ હતી. જે એક તરફ પુરૂષોને સ્ત્રી વિરોધી વલણ છોડવા સમજાવતી હતી તો બીજી તરફ હજી જુની ઘરેડમાં પીસાતી બહેનોને સજજ થવા તથા આત્મવિશ્વાસ કેળવવા સમજાવતી હતી. - ચંદ્રસેન મોમાયા***

# શ્રી અરિહંત કો.ઓપ.બેંક લી.

**Head Office :** G B10A & B, Karma Stambh, Opp. Kailash Com. Complex,
L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083.
**H.O.** Tel. : 2579 9323 Telefax : 3256 7078 E-mail : acblho@vsnl.net
**Branches :** Bhandup - 2595 4422 • Mulund - 2564 7157 • Ghatkopar - 2501 5820
Chinch Bunder - 2347 8134 • Mohili Village (Asalfa) - 2502 3778
Dombivli (E) - 0251-2445809 • Vashi - 2543 7977

## શૈક્ષણિક ઇનામ તથા સ્કોલરશીપ યોજના વર્ષ ૨૦૧૨

### શ્રી અરિહંત બેંકના શેરધારકોના વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા શૈક્ષણિક ઈનામ યોજના

| કોર્સ (Course) | શિક્ષણ શાખા (Faculty) | લઘુતમ ગુણાંક (Minimum Marks) | ઈનામ-સ્કોલરશીપ (Prizes / Scholarship) |
|---|---|---|---|
| S.S.C. | (Board / CBSE) SSC માટે | ૯૦% | પ્રથમ, દ્વિતીય-તૃતીય ઈનામ |
| | | ૮૫% | સ્કોલરશીપ |
| F.Y.J.C. | સાયન્સ / ઈન્જીનિયરીંગ/મેડીકલ | ૮૫% | સ્કોલરશીપ |
| | કોમર્સ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | ૭૫% | સ્કોલરશીપ |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | ૬૦% | સ્કોલરશીપ |
| H.S.C. | સાયન્સ/ઈન્જીનિયરીંગ/મેડીકલ | ૯૦% | પ્રથમ-દ્વિતીય-તૃતીય ઈનામ |
| | કોમર્સ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | ૭૦% | સ્કોલરશીપ |
| | આર્ટસ્ તથા તેને લાગતા સરકારમાન્ય કોર્સ | ૬૦% | ----"----- |
| Ist Year | સાયન્સ / ઈન્જીનિયરીંગ/મેડીકલ/કોમર્સ | ૮૦% | સ્કોલરશીપ |
| Degree Course | તથા તેને લગતા સરકાર માન્ય કોર્સ | ૭૦% | સ્કોલરશીપ |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | ૬૦% | સ્કોલરશીપ |
| IInd Year | સાયન્સ/ઈન્જીનિયરીંગ/મેડીકલ/કોમર્સ | ૮૦% | સ્કોલરશીપ |
| Degree Course | તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | ૭૦% | સ્કોલરશીપ |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | ૬૦% | સ્કોલરશીપ |
| IIIrd Year | સાયન્સ Faculty માટે | ૭૫% થી વધારે | પ્રથમ દ્વિતીય તૃતીય ઈનામ |
| Degree Course | કોમર્સ Faculty માટે | ૬૫% થી વધારે | ----"----- |
| | આર્ટસ્ Faculty માટે | ૬૦% થી વધારે | ----"----- |
| - | આગળના અભ્યાસક્રમ માટે | ૬૫% થી વધારે | સ્કોલરશીપ |
| MH/CET/CPT | All Entrance examinations | ૧૫૦થી વધારે ગુણાંક | એક ઈનામ |
| | Post Graduate Courses | | |
| | C.A. (Final) / M.B.B.S. / Engineering | | One Prize from each |
| | Co.Secretary & Other Govt. Recognised Professional Courses | Stream Obtained Highest Marks | |

**નોંધ :** શૈક્ષણિક ઈનામો તથા સ્કોલરશીપ પાત્રતાના નિયમો માટે આગળનું પાનું જુઓ.

# શ્રી અરિહંત કો.ઓપ.બેંક લી.

**Head Office :** GB10A & B, Karma Stambh, Opp. Kailash Com. Complex,
L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083.
**H.O.** Tel. : 2579 9323 Telefax : 3256 7078 E-mail : acblho@vsnl.net

**Branches :** Bhandup - 2595 4422 • Mulund - 2564 7157 • Ghatkopar - 2513 5820
Chinch Bunder - 2347 81 34 • Mohili Village (Asalfa) - 2502 3778
Dombivli (E) - 2445809 • Vashi - 9619486623 • Thane - 2543 7977

## સ્કોલરશીપ તથા શૈક્ષણિક ઇનામ યોજના માટે સામાન્ય નિયમો

૧) ઉપરોક્ત ઇનામો તથા સ્કોલરશીપ માટેના પાત્ર વિદ્યાર્થીઓના વાલીઓ (Parents) **તા.૩૧-૩-૨૦૧૨** સુધી શ્રી અરિહંત બેંકના શેરધારક (Share Holder) હોવા જરૂરી છે. ૧૮ વર્ષ અથવા તેથી વધારે ઉમરના વિદ્યાર્થી પોતે બેંકના શેરધારક (Share Holder) હોવા જરૂરી છે.

૨) જે વિદ્યાર્થી **તા.૨૩ જુલાઈ ૨૦૧૧** પછી કોઈ કોર્સ પાસ કરેલ હશે, તેઓ પણ અરજી કરી શકશે.

૩) ઉપરોક્ત ઇનામ યોજના માટેની અરજીઓ **તા.૧૬-૭-૧૨** સુધી સ્વીકારવામાં આવશે.

૪) સ્કોલરશીપ માટેની અરજીઓ **તા.૩૧-૧૨-૧૨** સુધીજ સ્વીકારવામાં આવશે.

૫) શૈક્ષણિક નિયમ તથા સ્કોલરશીપ માટે અરજીપત્રકો શ્રી અરિહંત બેંકની બધી શાખાઓ તથા હેડ ઓફીસથી મળી શકશે.

૬) ઉપરોક્ત શૈક્ષણિક ઈનામ તથા સ્કોલરશીપ ફક્ત સરકારમાન્ય કોર્સ માટેજ પાત્ર ગણાશે. આ પરીણામોમાં સ્પોર્ટ માટે કે અન્ય મળેલ ગુણાંક ગણવામાં આવશે નહીં.

૭) જે કોઈ વિદ્યાર્થીએ શ્રી અરિહત બેંક પાસેથી શૈક્ષણિક લોન લીધેલ હશે તો ઇનામ અથવા સ્કોલરશીપની રકમ તે વિદ્યાર્થીની લોન પેટે જમા કરવામાં આવશે.

૮) વિદ્યાર્થીએ પોતાની પરીણામની માર્કશિટની પ્રમાણીત નકલ (Certified Copy) બેંકમાં અરજી સાથે આપવાની રહેશે.

**નોંધ :** ૧) ઇન્જીનિયરીંગ તથા મેડીકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓએ પરીક્ષા પરીણામ મળેથી એક મહિનાની અંદર અરજી કરવાની રહેશે.

૨) બેંકના શેરધારક (Share Holder) તથા કર્મચારીઓના વિદ્યાર્થી, જેઓએ ઉપરોક્ત કોર્સ સિવાય સરકારમાન્ય કોર્સની ડીગ્રી તથા ઉચ્ચ ડીગ્રીમાં વધારે ગુણાંક પ્રાપ્ત કરેલ હશે તે અરજી મોકલાવી શકશે તેમના શૈક્ષણિક ઇનામ માટે શ્રી અરિહંત બેંકના ડાયરેક્ટર્સ બોર્ડમાં નિર્ણય લેવામાં આવશે.

**Wishing all the best to the Deserving Students...**

| | | |
|---|---|---|
| **શ્રી કુમારભાઈ દંડ** | **શ્રી કલ્યાણજીભાઈ છેડા** | **શ્રી પ્રતાપભાઈ ઓઝા** |
| (ચેરમેન) | (વાઈસ-ચેરમેન) | (સી.ઈ.ઓ.) |

## આચાર્ય રત્ન શ્રી મેરૂતુંગસુરી

*- સૌ. મીઠાંબાઈ જીવરાજ*

**"મેરૂતુગસુરી"**નું નામ પશ્ચિમના વિદ્વાનો અને ઈતિહાસના સંશોધકોને બહુ જાણીતું છે. એમના પુસ્તકોની પ્રસંશા ડોક્ટર પીટરસને અને બુલર સાહેબે ખુબ ખુબ કરી છે. યુરોપના અન્ય વિદ્વાનોએ એમના અત્યુત્તમ ગ્રંથોને અપનાવ્યા છે. એમના સુપ્રસિદ્ધ પુસ્તક **"પ્રબંધ ચિંતામણી"**ની મૂળપ્રતની સહાય લઈને અંગ્રેજી અનુવાદ ભી. ટોનીએ છપાવેલ છે ડોક્ટર પીટર્સનની સુચનાથી શાસ્ત્રી દીનાનાથ રામચંદ્ર મૂળ "પ્રબંધ ચિંતામણી." છપાવ્યું છે. પશ્ચિમના વિદ્વાનોએ ઐતિહાસીક દ્રષ્ટિએ એ ગ્રંથને બહુ પ્રમાણિક, નિષ્પક્ષપાત અને તવારીખ જાળવી રાખનાર ઉમદા સાધન ગણ્યું છે. એ ગ્રંથનો ગુજરાતી અનુવાદ થયો છે. ગુજરાતના ૮ મી થી ૧૨મી સદીઓના રાજાઓની સવંત મિતી નક્ષત્રવાર લગ્ન અને તેમના ચરિત્રોની સર્વે માહિતી એ ગ્રંથ પુરી પાડે છે, એ એની ખાસ ઐતિહાસિક દ્રષ્ટિએ વિશિષ્ટતા છે. જાણકારોને ભાષા સંબંધી ઉહાપોહ (વિચારો) માટે ઘણું ક્ષેત્ર મળી રહે છે. સાહિત્ય રસિક વિદ્વાનો એમની મનોરંજક ભાષાથી બહુ આનંદ પામે છે. સાહિત્યની દ્રષ્ટિએ આ અત્યુત્તમ ગ્રંથ છે. જૈનોના ગૌરવની અનેક વાતો **પ્રબંધ ચિંતામણી**માં જળવાઈ રહી છે. આર્ય સંસ્કૃતિ અને વિદ્વતાભરી રસની છોળો કાવ્યરસિકોના મનને પોષણ આપે છે. ભોજપ્રબંધમાંથી આવી રસપુષ્ટિ અવર્ણનીય આનંદ આપે છે. ગુજરાતી અનુવાદથી આટલો આનંદ મળે છે, ત્યારે સંસ્કૃત જ્ઞાતાઓની (જાણનારની) હૃદયની ઉર્મિઓ કેટલી બધી ઉભરાતી હશે? અનુવાદ પણ જુની શૈલીએ લખાયું છે. નવી શૈલીએ સારો અનુવાદ થવાની જરૂર છે. આપણા શ્રીમંત વર્ગને આ દિશામાં પ્રયાસ કરવો ઘટે.

આચાર્ય શ્રી મેરૂતુંગસુરી વિક્રમ સવંત ૧૩૦૦ની શરૂઆતમાં થઈ ગયા. વિ.સં. ૧૩૬૧માં પ્રબંધ ચિંતામણી ગ્રંથ એમણે રચ્યો છે.

શ્રી મેરૂતુંગસૂરી અચલગચ્છના ધર્મ ધુરંધર આચાર્ય હતા. એમની ગણના પ્રભાવિક આચાર્યોમાં થાય છે. જૈન મંત્ર શાસ્ત્રમાં એમનું સ્થાન અને એમનું નામ અગ્રપદે આવે છે. જીરાવલ્લા (જીરાપલ્લી) પાર્શ્વનાથનું નામ મારવાડમાં કંઠસ્થ અને પ્રાતઃસ્મરણીય મનાય છે. એ સ્થળે એમના સમયમાં મહામારી (મરકી)નો રોગ ફાટ્યો. લોકોને બહુ ત્રાસ થયો. આચાર્યશ્રી મેરૂતુંગસૂરી જીરાપલ્લી ગામના રહીશોના સદભાગ્યે ત્યાં વિહાર કરતા કરતા પધાર્યા. ગામના સંઘપતિથી સર્વ વસ્તુસ્થિતિથી વાકેફ થયા. ઉપાશ્રયમાં બેઠા બેઠા એક કાવ્ય રચી સંઘપતિના હાથમાં આપ્યું. જીરાપલ્લી પ્રભુના મંદિરે પાર્શ્વનાથસ્વામી સામે બોલવા આજ્ઞા કરી. મેરૂતુંગાચાર્યની મંત્રસિધ્ધિ અને પ્રભાવની તેમને ખબર હતી. સંઘપતિ શ્રેષ્ટિએ પાર્શ્વનાથ પ્રભુની આચાર્યશ્રીએ લખી આપેલ કાવ્ય વડે સ્તુતિ કરી. સ્તુતિ સમાપ્ત થતાં. અધિષ્ટાતા દેવતાએ શ્રેષ્ઠીને પ્રભુનું નિર્માલ્ય (નમણ) આખા શહેરમાં છાંટવા સુચવ્યું. રોગગ્રસ્ત લોકોના રોગ મટી ગયો. સર્વત્ર શાંતિ પ્રસરી. આવા આવા અનેક દષ્ટાંતો અને ઘટનાઓથી એમનું જીવન ભરપૂર છે. "અટેમટે આમ્નાય." શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગણધરે યોજી હતી અને જેના પ્રભાવ વડે પાર્શ્વનાથ પ્રભુના દર્શન વિના આહાર ન લેવાનો સંકલ્પ સેવનાર શ્રાવકને શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ બાદ તે ગણધર મહારાજે ચમત્કાર તરીકે દર્શન કરાવ્યાં હતાં. તે "અટેમટે આમ્નાય" મંત્રનો પુનરૂદ્ધાર શ્રી મેરૂતુંગસુરીએ કર્યો હતો. આ વસ્તુ અપૂર્વ છે. શ્રી મેરૂતુંગસુરી શાસનરક્ષિકાદેવી પદ્માવતી અને શાસનરક્ષક દેવેશ ધરણેંદ્રના ઉપાસક હતા અને શ્રી મેરૂતુંગસુરી પર તેમની અનહદ કૃપા હતી. ઉપદેશ ચિંતામણી, ઉપદેશક શ્રી સ્તંભન પાર્શ્વપ્રબંધ, લઘુ શતપદી, રૂષિમંડલસ્તોત્ર, ભોજપ્રબંધ, વૃંદવૃત્તિ તથા ટિપ્પણ, આખ્યાનવૃત્તિ ઢુંઢિકા, પ્રાકૃતવૃત્તિ, બાલબોધ વ્યાકરણ તથા વૃત્તિ જૈન મેઘદુત વૃત્તિ સહિત. "સૂરી મંત્રકલ્પ સારોદ્ધાર". આ ગ્રંથો શ્રી મેરૂતુંગસુરીએ રચ્યા છે.

***(નોંધ : "પ્રકાશ"ના આષાઢ સં.૧૯૯૦ (ઈ.સ.૧૯૩૪) ના અંકમાં પ્રગટ થયેલ સૌ. મીઠાંબાઈ જીવરાજને ભક્તામર સ્તોત્રના રચયિતા શ્રી મેરૂતુંગસૂરી વિશેનો લેખ બતાવે છે કે જ્ઞાતિમાં ધાર્મિક જ્ઞાન ધરાવતી અને ધર્મ તત્વ સમજાવી શકે તેવી ઘણી મહિલાઓ હતી - ચંદ્રસેન મોમાયા)***


### "મનગમતા પાત્રની શોધ"

જીવન છે જીવવા જેવું માણવા જેવું એમાં જો સાથી મળી જાય મનગમતુ તો તો વાત જ શું કરવી. મનગમતા સાથીની ખોજ હવે નથી મુશ્કેલ. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાના વિશાળ ફલક પર અને હજારો, માઈલ ભળે ને દૂર હોય મનગમતું પાત્ર પણ આપ સફેલાઈથી તેને શોધી શકશો અને પામી શકશો. તો આજે જ અસાંજો-કચ્છ ડોટકોમની વેવિશાળ સેવાનો લાભ લો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

**Registrar online on : www.asanjokutch.com/matrimonials**

## અધ્યાત્મ–પ્રકાશ : સાંખ્ય યોગ

સદ્‌ગુરૂઓ માને છે કે સાંખ્ય યોગ સમજાઈ જાય તો કોઈ ઉપાસનાની જરૂર નથી. સાંખ્ય જ્ઞાન ઉપર ભાર મૂકે છે, જાણવા ઉપર ભાર મૂકે છે. સાંખ્ય દર્શન પ્રમાણે માત્ર પોતાની જાતને જાણી લેવી પર્યાપ્ત છે એટલું પુરતું છે. જાત વિષે જ્ઞાન નથી એથી જ એ અજ્ઞાનને કારણ એ બધા બંધન ઊભાં થયા છે.

સાંખ્ય એ કપિલમુનિ દ્વારા પ્રવર્તિત દર્શન પધ્ધતિ છે. કપિલ મુનિનો સમય બુદ્ધની પહેલા માનવામાં આવે છે. કપિલ મુનિના સમય સુધીમાં તો જ્ઞાનમાર્ગના મુખ્ય પ્રાચીન ઉપનિષદોની રચના થઈ ચૂકી હતી.. કપિલ મુનિએ આ જ્ઞાનમાર્ગને ક્રમબદ્ધ જોડી આપ્યો.. સાંખ્ય પરંપરનો પ્રભાવ ભગવદ્દગીતા ઉપર પણ પડેલો છે. કૃષ્ણે અર્જુનને સમભાવથી, સમતાથી યુદ્ધમાં પ્રવૃત થવા માટે કહ્યું હતું.. સાંખ્ય માને છે કે આત્માનાયર્થાત સ્વરૂપને ન જાણવાને કારણ એજ મનુષ્યનો વિશ્વના બધાજ પદાર્થમાં વિષમ ભાવ રહે છે. સાંખ્યદર્શન માને છે કે મૂળ તો પુરુષ અને પ્રકૃતિ એ બે તત્વ છે. પુરુષ મૂળ રૂપે અનાસક્ત હોવા છતાં પણ જગતમાં પ્રકૃતિની લીલાને કારણે બંધાયેલો પ્રતીત થાય છે. જ્યારે તે પોતાના જ્ઞાન દ્વારા આ બંધનને દૂર કરીને પોતાના વાસ્તવિક અસ્તિત્વનો અનુભવ કરી લે છે એ જ મોક્ષ કહેવાય છે.

જ્યારે આત્માના યર્થાથ સ્વરૂપને સમજી લેવાથી આત્મા અને પરમાત્માનો ભેદ નથી રહેતો અને પરબ્રહ્મથી જુદી કોઈ સત્તા નથી એ અનુભવ થાય છે ત્યારે કોઈ ભેદ બુદ્ધિ રહેતી નથી, ત્યારે આત્મા જ નિત્ય અને નિર્વિકાર છે. તેને ગરમી ઠંડી, સુખ-દુઃખ જેવા ભેદબુદ્ધિ રહેતા નથી.

સાંખ્ય સ્પષ્ટ માને છે કે મનુષ્યનેજે બંધનો છે એ બધા અદશ્ય અજ્ઞાનના બંધનો છે. કોઈ સાંકળોથી નથી બાંધેલા કે માણસને એ સાંકળી તોડવાની હોય.. આતો માત્ર વાત અણસમજને છોડવાની છે. જે પળે આપણે જાણી લઈએ છીએ કે હું કોણ છું એ પળે મુક્ત થઈ જવાય છે. પરંતુ સાંખ્ય દર્શન એટલું બધું સરળ છે કે આપણા માટે સમજવું અઘરું બની જાય છે.કશું ન કરવાનું અને માત્ર સમજી લેવાથી મુક્ત થઈ જવાય એ વાત આપણી ભારતીય માનસિકતામાં જલદી ઊતરે તેવું નથી.. મૂળમાં તો પ્રત્યેક માણસ એમ માનતો હોય છે કે કશુંક કરવાથી જ મુક્ત થવાય.. એટલે આ સાંખ્ય દર્શન સરળતાથી જીવનમાં ઉતારી શકાય તેવું નથી..

ઓશો કરે છે કે જેનો પશ્ચિમમાં ખૂબ પ્રભાવ છે એ જાપાનની ઝેન સાધના પધ્ધતિ એ સાંખ્યનું જ એક રૂપ છે. ઝેન પરંપરા અને સાંખ્યમાં સામ્યનું કારણ જ્ઞાન છે. એમાં કશું જ ન કરવું એની પર ભાર મુકવામાં આવ્યો છે. કંઈ પણ કરીએ અને ભટકી જઈએ છીએ. પરંતુ આપણું મન કશું કર્યા વગર રહી જ નથી શકતું. કશું ન કરવાથી બધું મટી જાય એ વાત ગળે જ નથી ઉતરતી.

સાંખ્ય દર્શનનો સૌથી પ્રાચીન ગ્રંથ ઈશ્વર કૃષ્ણ રચિત "સાંખ્યકારિકા" છે. જેનો રચનાકાળ ઇ.સ. ૧૦૦ની આજુબાજુમાં માનવામાં આવે છે.

"શ્રીમદ ભગવદ્દ્ગીતા"ના બીજા અધ્યાયના અગિયારથી ત્રીસ શ્લોક સુધી સાંખ્ય યોગના સિધ્ધાંતોનું વિવરણ છે.

***નવનીત-સમર્પણમાંથી સાભાર***

### કાવ્ય–પ્રકાશ : આરઝુ

તેરા સાથ રહેગા કબ તક
ભલે જુદાઈ રહે
પર તેરી શામ સુહાની રહે
    ઘૂમતા રહૂંગા દૂર તક
    અપને હી ભીતર
    પર તેરી હી રવાની રહે,
મિટ જાઉંગા શાયદ એક દિન
નિજ દાસતાં કહતે
બસ તેરી હી કહાની રહે.

***- માણેકજી લોડાયા (પુના)***

### કાવ્ય–પ્રકાશ : વૃક્ષો

પ્રભાતે ફરવા નીકળું છું
માર્ગમાં બન્ને બાજુએ
વિશાળ ઘેઘુર વૃક્ષો પાસે આવતાં
કોઈ વિશિષ્ઠ ભૂમિના દ્વાર પાસે છું એવી
લાગણી થાય છે.
કોઈ મંદિરમાં પ્રવેશું છું
એવો ખયાલ આવે છે
અદશ્યપણે કોઈ મારા મસ્તક અને હૃદય પર
ઉપરથી, કળશ દ્વારા
અપૂર્વ શાંતિનો અભિષેક કરતો હોય
એવું અનુભવું છું.
મારા અંતઃસ્થલમાં બિરાજમાન અનિષ્ટોનું
ધીરે ધીરે રૂપાંતરણ થાય છે તથા
મારા અસ્તિત્વને નવો ઓપ ચઢતો હોય
એવી પ્રતીતિ થાય છે
શાંતિથી આગળ વધું છું
વૃક્ષો મંદિર છે.

***- માણેકજી લોડાયા (પુના)***

## નિરલ મૈશેરી દ્વારા ખાસ વર્કશોપ માં

**ચોકલેટ તથા મિણબત્તી બનાવો.**



એક દિવસમાં એડવાન્સ ચોકલેટ,ડીઝાઈનર મિણબત્તી, મુખવાસ પાન મસાલા, બનાવતા શીખી ગૃહ ઉદ્યોગ કરો અથવા સ્વયં વપરાશ માટે બનાવી સારી ગુણવત્તા મેળવો.
૧૫૦ ગૃહ ઉદ્યોગો છે.

**નિરલ બિઝનેશ ઈન્સ્ટિટ્યૂટ,**
૨૩૦ ગાલા કોમ્પ્લેક્ષ, ડંપીંગ રોડ, ગાલા ઈન્ડસ્ટ્રી,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦.ફોન:૨૫૬૪૧૪૨૮
૨૫૯૨૩૬૫૭ / ૯૮૩૩૭૪૪૯૭૬ / ૯૮૧૯૪૨૩૦૦૧.
www.niralbi.com www.candlemould.com

**સ્વયં રોજગાર :ગૃહ ઉધોગ શીખો**


## હાર્દિક અભિનંદન !



**ડૉ. ઉદય પ્રવિણચંદ્ર ખોના** ફિઝિયોથેરપિસ્ટ
(થાણા-બારોઈ)

ચિ. ઉદયે જૂન૨૦૧૨માં ડિપ્લોમા ઈન યોગ એજ્યુકેશન (યોગા ટ્રેનર) ડિસ્ટીકંશન સાથે પાસ કરેલ છે. તે બદલ ખુબ ખુબ અભિનંદન અને વધુ પ્રગતિની શુભેચ્છાઓ...

**-: શુભાશિષ ;-**

માતા-પિતા : **અ.સૌ. પુર્ણિમાબેન પ્રવિણચંદ્ર ખોના** (બારોઈ)

બહેન-બનેવી : **અ.સૌ.દિપ્તીબેન કૃણાલ મૈશેરી** (નાનીસિંધોડી-ડોંબિવલી)

દાદાણાં : **સ્વ. શ્રી હંસરાજ શીવજી ખોના** (બારોઈ)

નાનાણાં : **સ્વ.શ્રી લક્ષ્મીચંદ ભાણજી ખોના** (નલિયા)

## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૧**

**પચ્ચીસમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | પ્રતિનિધિ |
|---|---|---|---|
| 1117 | ટાટા નેનો કાર | સાલેમામદ આદમ સમેજા-માંડવી | ધવલભાઈ પરમાર |

કોમ્પ્યુટર સેટ : ૩૯૩, હેન્ડીકેમ કેમેરો : ૧૫૫૭, ફ્રિઝ ૨૩૦ લિ. ૧૦૩૫,
આટા મેકર : ૧૨૧૫, ફ્રિઝ : ૯૧૩, ટીવી ૨૦" : ૭૬૭, વોશીંગ મશીન : ૧૪૭૧

**-: આશ્વાસન ઈનામો :-**

(૪ થી ૫ ઓવન) : ૧૦૫૪, ૧૫૬૪
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૫૪૨, ૧૦૧૭, ૧૧૧૦, ૬૧૭, ૩૮૪
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૧૫૧, ૭૨૦, ૯૧૦, ૬૪, ૯૩૬
(૧૬ થી ૨૫ સેન્ડ્વીચ મેકર) : ૧૦૭૩, ૧૯૫૮, ૬૫૫, ૯૪૬, ૪૮૭, ૧૪૩૪, ૧૩૮૮, ૬૫૬, ૧૦૩૮, ૩૬૭
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૨૬૨, ૧૩૪૦, ૧૫, ૯૮૧, ૧૬૮, ૫૨૦, ૧૯૪૬, ૧૪૧૨, ૭૬૪, ૧૫૨
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૪૨, ૮૮૧, ૪૯૯, ૭૦૦, ૮૩૦, ૩૨, ૧૪૫૧, ૫૮૭, ૪૬૨, ૧૭૫૯
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૩૫૭, ૩૫૪, ૬૫૩, ૬૦૨, ૬૯૬, ૬૯, ૧૫૯૮, ૧૦૭૫, ૧૭૪૬, ૧૩૮, ૧૩૪૪, ૧૯૦, ૧૮૭૫, ૬૮૧, ૬૦, ૮૫૫, ૧૬૦૦, ૩૪૯, ૫૪૦, ૧૨૨૬
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૬૭૬, ૯૩૭, ૧૮૫૨, ૧૯૮૮, ૧૭૨૨, ૮૩૧, ૧૦૯૭, ૧૩૪૭, ૬૦, ૨૯૩, ૧૨૭૬, ૩૯૦, ૧૩૭૪, ૫૭૮, ૯૫૧

**છવીસમી મિટિંગ તા.૯-૭-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99065 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

## મહાવીર સારીઝ-માટુંગા

**સ્પેશીયલ વાઈટ માં વાઈટ**

- પ્યોર કોટન હકોબા બોર્ડર તથા ઓલ ઓવર
- અવરગંડી તથા વોયલમાં વાઈટમાં વાઈટ તથા લાઈટ કલરમાં એમ્બ્રોડરી વર્ક સારીઝ
- વાઈટ તથા પેસ્ટલ કલરમાં જ્યોર્જટ તથા કોટનમાં લખનૌ ચીકન વર્ક
- બ્રાસોમાં વાઈટમાં વાઈટ તથા લાઈટ કલરમાં એમ્બ્રોડરી વર્ક સારીઝ
- સમર કોટન લીન્ટસમાં વાઈટમાં વાઈટ વર્ક
- પ્યોર કોટામાં વાઈટમાં વાઈટ, વુવન તથા એમ્બ્રોડરી વર્ક
- ઢાકાઈ વુવન વાઈટમાં વાઈટ તથા કલરમાં
- વાઈટમાં વાઈટ ડ્રેસ પીસ (અન સ્ટીચ્ડ)
- વ્હાઈટમાં વાઈટ "હકોબા" બ્લાઉઝ પીસ

**સંપર્ક : મહાવીર સારીઝ**
મહાવીર બીલ્ડીંગ કમ્પાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦ ૦૧૯
ફોન : 24021818 (રવિવારે બંધ)


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

।। નમામિ જ્ઞાતિમૈયે ।।

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. સેક્રેટરી જનરલ, ૧૯-૨૦ મોનાણી સદન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦
ફોન : ૦૨૨-૨૫૯૦૧૩૧૪/૧૫/૧૬ E-mail : samastmahajan@yahoo.com

### હાર્દિક આમંત્રણ

સમસ્ત મહાજનના ઉપક્રમે તેના **ટ્રસ્ટ બોર્ડ** અને **મહાસમિતિની** મહત્વની **સભાઓ,** મુંબઈમાં જ્ઞાતિ જનજાગરણ **સંપર્ક અભિયાન** (મેળાવડો) શુભારંભ અને જ્ઞાતિગૌરવ કવિ **શ્રી તેજ**ના અમૃત મહોત્સવ વર્ષે **"તેજ જો અવાજ"** કચ્છીયતનો સાંસ્કૃતિક કાર્યક્રમ **રવિવાર તા.૧૫-૭-૧૨**ના યોજેલ છે. જે પ્રસંગે ઉમંગે સમયસર પધારીને જ્ઞાતિદાઝની ભાવનાને વધુ સતેજ કરી ગૌરવાન્વિત કરશોજી.

ટ્રસ્ટ બોર્ડ બેઠક સવારે ૧૦ વાગે ● મહાસમિતિની બેઠક બપોરે ૨ કલાકે મળશે.

મુંબઈ જનજાગરણ સંપર્ક અભિયાન સાંજે ૪ વાગે ● સાંજે ૫ થી ૬.૩૦ ચોવિહાર

સાંજે ૭ થી ૧૦ કવિ તેજ - **કાવ્યસંધ્યા** શ્રી લાલ રાંભીયા અને કલાકારો દ્વારા કવિ તેજની વિવિધ કાવ્યરચના આધારિત કચ્છીયતની રંગત ● કવિશ્રી તેજના અમૃત મહોત્સવે જ્ઞાતિ વતી તેમનું ગૌરવ બહુમાન

**કાર્યક્રમ શુભસ્થળ : જગન્નાથ બેંકવેટ હોલ, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ડ્રીમમોલ અને કુકરેજા વચ્ચે, આઈ.સી.આઈ.બેંકની ઉપર, ૫મે માળે (લીફ્ટ સુવિધા છે), ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮.**

સમસ્ત મહાજનની ઉપરોક્ત બન્ને બેઠકોમાં સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી. સાંજે આપણાં કવિશ્રી તેજનું બહુમાન અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રવેશ માત્ર આમંત્રણ પ્રવેશપાસ આધારીત રહેશે. (નોંધ : સ્થળ મર્યાદાના કારણે આમંત્રણ સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ, મહાસમિતિ, સર્વે મહાજનો-સંસ્થાઓના પદાધિકારીઓ, મહેમાનો અને અગ્રણીઓ માટે સિમિત રહેશે.)

સર્વેના સાથ સહકાર સહ,

**સમસ્ત જ્ઞાતિ મહાજન વતી ચીમન મોતા** (સેક્રેટરી જનરલ)

## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

C/o. માનદ્દ મંત્રી શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા (મો.: ૯૮૨૦૧૨૨૩૬૬)
Aarkey Power Systems Pvt. Ltd., Gala no. 5, Gr Floor, P.N.Kothari Ind. Estate, L.B.S.Marg, Bhandup (W), Mumbai – 400078.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સર્વે મહાજન / સંઘ જોગ

ક.દ.ઓ.જૈન જ્ઞાતિના ૮મા વસતીપત્રકના પ્રકાશનની તૈયારીઓ એક વર્ષથી થઇ રહી છે. જ્ઞાતિના દરેક ગામના મહાજન / સંઘને તેમના ગામમાં છેલ્લા દશ વર્ષમાં થયેલ સ્થળાંતર / મરણ / તેજ ગામમાં કુટુંબનાં વિભાજનની વિગતો મોકલવાની વિનંતી કરાયેલ. લગભગ બધા મહાજનોએ તેમના ગામની વિગતો મોકલેલ છે. છતાં પણ કેટલાક મહાજનશ્રીઓની બાકી વિગતો જેમણે ન મોકલી હોય તેમને તુરંત મોકલવા વિનંતી છે. હવે ૮માં વસતીપત્રક માટે દરેક કુટુંબને તેમના કુટુંબના દરેક જણને ફોર્મ મોકલવાની તૈયારી થઇ રહી છે. ઘણા મહાજનશ્રીઓની મોકલેલ વિગતોમાં આ સમયગાળામાં ફેરફાર થયો હોય તેઓને અમને તુરંત જણાવવા વિનંતી છે. આપના ગામમાં સ્થળાંતર / વિભાજનની વિગતોમાં સુધારાવધારા તુરંત જણાવશો કે જેથી પાછળથી સુધારાને કારણે થતી અગવડતાઓને નિવારી શકાય અને સમય બચે. છેલ્લા દશ વર્ષમાં થયેલ લગ્ન / જન્મની વિગતો ફોર્મમાં જણાવવાની રહેશે. જોઈતી વિગતો નીચે જણાવેલ વસતીપત્રકની ઓફિસના ફોન પર અથવા ઈ-મેઈલ દ્વારા તા. ૨૩.૬.૨૦૧૨ સુધીમાં જરૂરથી જણાવશો. ફોર્મ તૈયાર થયેથી દરેક એકમ એવં મુંબઈ મહાજનના પ્રતિનિધિઓને સોંપવામાં આવશે. તેઓ પોતાના ક્ષેત્રમાંના મહાજનો / મંડળોને તેમના ગામના ફોર્મ સોંપશે. અને ગામવાર દરેક કુટુંબોની તેમના ફોર્મની વહેંચણી તે ગામના મહાજન / મંડળ કરશે.

લી. વિનોદ રાયચંદ ધુલ્લા - માનદ્દમંત્રી

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ
ફોન નં. ૦૯૯૨૦૮૫૫૨૫૯ / ૦૯૬૧૯૩૪૩૭૯૩
ઈ-મેઈલ : kdovasti@gmail.com
(સમય : સવારના ૧૦ થી ૧ અને સાંજના ૪ થી ૮)

સંપર્ક: વિનોદ ધુલ્લા – ૦૯૮૨૦૧૨૨૩૬૬
Email: vinoddhulla@gmail.com

રમેશ મોતા – ૦૯૮૧૯૬૫૫૨૫૯
Email: kdovasti@gmail.com

# ટૂંકી વાર્તા : મેરે ડેરે આવો

વૈશાખ વદની સાતમ-આઠમે તો હું વહેલી સવારે ખાસ જાગી ગયો.. ધાબા-અગાશીના ખુલ્લાપણામાં સૂવાની મજા જ એ હતી.. મધ્ય-આકાશમાં બરાબર માથા ઉપર મારી આંખોની સામે ચંદ્ર જાણે એની શીતળ-મધુર દષ્ટિ મિલાવતો હતો.. હું ડગર ડગર એકીટશે જોઈ રહ્યો.. થોડી વારમાં તો પૂર્વમાંથી કોમળ રક્તિમ ટશરો ફૂટવા માંડી ને ચંદ્ર ઝાંખો થતો ગયો.

મારા કરતાં પણ વહેલાં પંખીઓ જાગી ગયાં હતાં ને ચારે બાજુ એમનો મીઠો કલરવ મચાવી દીધો હતો.

રોજની જેમ વસુંધરા પણ મારી સાથે વહેલી ઊઠી ગઈ અને બ્રશ કરી તરત જ અમારા નાનકડા આંગણાંમાં એનાં વહાલાં પંખીઓને ચણ નાખવા દોડી ગઈ. કાગડા અને કબૂતરોની સાથે ઢોલરું અને ટીક ટીકી જેવું કોઈ બોબ્લેર પંખી પણ આવ્યું હતું. બુલબુલની જોડી તો હતી પણ અરે, આજ તો ક્યારેક આંટો મારી જતો પેલો લાલ-લીલો, કાળો-પીળો કંસારો પણ આવ્યો હતો.. એનો ટૂક ટૂક અવાજ કરી બોલાવતો હતો પણ ઝાડની ડાળી પરથી નીચે ઊતરવાનું નામ નહોતો લેતો.. અમે એની સામે જોઈએ એટલે જાણે શરમાઈ-ગભરાઈ જતો હતો.. અને બીજી ડાળી પર જઈ છુપાઈ જતો હતો.

હું આ બધું દૂરથી જોયા કરતો હતો.. - પછી વસુંધરાએ રોજની જેમ જ એનાં વહાલાં પંખીઓને પાણી પીવા તાંબાની નાનકડી ચોખ્ખીચણાક કુંડીમાં પાણી ભરી મધુમાલતીની વેલમાં લટકાવી દીધી એ પોતે જ રોજેરોજ એ તાંબાની કુંડી માટી અને આંબલીથી સાફ ચકચકિત કરતી અને પછી ચોખ્ખું પીવાનું પાણી એમાં ભરી લાવતી.

વસુંધરાને કશુંક યાદ આવ્યું. એ એકદમ ઘરની અંદર દોડી ગઈ. થોડાક સમય પહેલાં જ એ અમ્બ્રેલા પામનો છોડ લાવી હતી.. એનાં કૂણાં લીલાંછમ પાંદડાં ચારે બાજુ ફેલાવી એ સરસ મજાનો પાંગર્યો હતો.

પપ્પા પણ ઊઠી ગયા હતા ને અમારાં કરતાં વહેલા ડાઈનિંગ-ટેબલ પર ગોઠવાઈ ગયા હતા.

વસુંધરા ચા ને નાસ્તો લાવે એ પહેલાં એ ઓચિંતા જ આછી હળવાશથી છતાંય ગંભીરતાથી બોલ્યા. "આ જૈન લોકોનાં પર્યુષણ હવે શ્રાવણ-ભાદરવામાં આવશે. બીજાના જીવને દુઃખ થાય કે કોઈનું દિલ દુભાય એને પણ એ લોકો હિંસા ગણે છે. એમની એ ભાવના મને બહુ ગમે છે."

એમને શો જવાબ આપવો એ મને સૂઝ્યું નહિ. એ તો દરેક ધર્મ વિશે કશુંક ને કશુંક વાંચતા ને પછી મને આમ અચાનક મૂંઝવી દેતા.

વસુંધરા ચા અને નાસ્તો લાવીને એ પણ અમારી બાજુમાં બેસી ગઈ.

પપ્પાએ વસુંધરાને પૂછ્યું, "અત્યારે કશું વ્રત કરે છે કે નહિ?"

આછું મધુર સ્મિત કરીને વસુંધરાએ તરત જ જવાબ આપ્યો, "મારે તો સંગીત એ જ મારું વ્રત.." આ સાંભળી પપ્પા ઘણા જ ખુશ થઈ ગયા અને પ્રસન્ન ચહેરે વસુંધરાની સામે જોઈ રહ્યા ને પછી મલકાઈને બોલ્યા, "તો પછી ચાલો નાહી-ધોઈ લો, આપણી સવારની સંગીતની બેઠક શરૂ કરી દઈએ."

પપ્પા એમની ઓફિસના કોઈ ખાનસાહેબ પાસે શાસ્ત્રીય સંગીત શીખ્યા હતા.. ઘેઘૂર ષડ્જના અવાજમાં એમને સાંભળવા એ મારો મોટામાં મોટો લહાવો હતો.. વસુંધરા તો નાની હતી.. ત્યારથી જ સૂરસપ્તકમાં શાસ્ત્રીય સંગીત શીખીને અમારે ઘેર આવી હતી. મારી બેન નીતા પપ્પા પાસે સંગીત શીખતી હતી. એ પણ સારું ગાતી હતી.. પછી એ તો પરણીને સાસરે ચાલી ગઈ.

પપ્પા આજે ઘણા ખુશમિજાજમાં હતા.. અમે અમારી ફક્ત ત્રણ જણાંની સંગીતની મહેફિલ શરૂ કરી દીધી. તબલાં પર પાવડર છાંટી હું એમની સામે જોઈ રહ્યો હતો.. એમને ઉંમરની ખાસ કશી અસર વર્તાતી નહોતી.. જો કે માથા પર વાળ ઘણા ઓછા થઈ ગયા હતા પણ ઊંચે જતા ઊજળા ભાલપ્રદેશને લીધે વધારે પ્રભાવશાળી લાગતા હતા.. મમ્મીના અવસાન પછી આમ એ એકલા પડી ગયા હતા પણ હવે નિવૃત્તિની વયે સંગીત એ જ એમનું જીવન હતું.

મારી સામે આછું મધુર સ્મિત કરી એમણે રાગ દેશીમાં મેરે ડેરે આવો શરૂ કર્યું. તાનપુરામાં વસુંધરા સંગત કરતી હતી અને ક્યારેક ક્યારેક એ પણ એની સૂરીલી હલકથી ગાતી હતી.

પપ્પાની આંખો નીચે ઢળેલી હતી પણ એમના "મેરે ડેરે આવો શબ્દોમાં જુદા જુદા ભાવ અને લાગણીઓનું કોઈ અલૌકિક ગહન-મધુર આર્જવ પ્રકટ થતું હતું.. ધીમે ધીમે શબ્દોનો અર્થ લુપ્ત થતો જતો હતો અને સૂર ફક્ત લયબદ્ધ સૂર ચારે બાજુ છવાઈ ગયો હતો.. ચારે બાજુ બધું ભૌતિક-અભૌતિક આંદોલિત રોમાંચિત થઈ ઊઠ્યું હતું.

અત્યારે મને એવું લાગતું હતું કે જાણે પપ્પા એમની આ સૂરની આરાધનાથી કોઈ પરમ તત્ત્વને શોધી રહ્યા હતા - ઝંખના કરી રહ્યા હતા.

પણ સાંજે ઓફિસેથી આવીને મેં જોયું તો વસુંધરા ઉદાસ લાગતી હતી. એ ઘણીવાર આવી રીતે બેચેન ગમગીન થઈ જતી હતી. એની આંખમાં આંસુ હતાં. હું તરત જ સમજી ગયો. અત્યાર સુધી અમને સંતાનસુખ મળ્યું નહોતું. એટલે એવી વાત હું કરતો નહિ પણ આજે મેં એને ધીમા લાગણીભર્યા અવાજે કહ્યું "વસુ, તને તો ખબર જ છે કે પપ્પાને કે મને અમારી પેઢી કે વંશ ચાલુ રહે એવો કોઈ મોહ નથી. મારી વાત જવા દે, પણ પપ્પાએ તને કદીય આડકતરી રીતે પણ-"

ત્યાં તો એ અધવચ્ચે જ રડમસ ચહેરે અને અવાજે બોલી ઊઠી, "ના ના એવું નથી, મને ઘણીવાર મારા પપ્પાની યાદ આવે છે. તમને તો ખબર જ છે કે હું સ્કૂલના પ્રવાસે ગઈ હતી ત્યારે એ અચાનક હૃદયરોગના હુમલાથી મને છોડીને ચાલ્યા ગયા.. છેલ્લીવાર એમને મળાયું પણ નહિ, જોયા પણ નહિ, ના કશી વાત... બસ અંત, ઘેરો દુઃખદ આઘાતભર્યો ડેડ-એન્ડ..." કહેતાં કહેતાં વસુંધરા રડી પડી. કશું બોલ્યા વિના મેં એના માથાના વાળ પસવાર્યા અને એની પીઠ પર વહાલથી હાથ ફેરવ્યો.

ત્યાં તો પાછી એ એકાએક બોલી, "તમને હું નથી કહેતી પણ ઘણીવાર મને પપ્પા હજુ પણ સપનાં આવે છે.. મારી સાથે વાતો કરે છે. અને... અને... મને વહાલથી, મીઠાશથી એવું કહે છે.. "વસુ, હજુ હું જીવતો છું... હું તને ગમે ત્યાં મળીશ..." પણ... પણ પછી જાગીને જોઉ તો-

એનું વાક્ય અધૂરું છોડીને એ બેડરૂમમાં દોડી ગઈ. થોડીવાર પછી સ્વસ્થ થઈ એ રસોડામાં ગઈ.

રવિવારે સાંજે અચાનક મારી મોટી બહેન નીતા એના બાબાને લઈને આવી. જીજાજી બહારગામ ગયા હતા. મારી અને નીતા વચ્ચે ઉંમરનો બહુ તફાવત નહોતો. વસુંધરાને નીતા સાથે ઘણું ફાવતું હતું. એની સાથે એ મન ખોલીને હરખ-ઉમંગથી ઘણી વાતો કરતી હતી. નીતા રાતે રોકાઈ ગઈ.

નીતા આવી એટલે રાતે પણ પાછી અમારી સંગીતની મહેફિલ જામી.

બીજે દિવસે, સાંજે નીતા યમનને લઈને ઘેર આવી અને જમીને અમે બધાં નિરાંતે વાતો કરતાં બેઠાં હતાં ત્યાં તો એણે મને કશુંય કહ્યા વિના પપ્પાને એને ઘેર લઈ જવા માટે ઓચિંતો જ આગ્રહ કર્યો. મને ઘણી નવાઈ લાગી, પણ હું કશું કહું એ પહેલાં આછું હસીને પપ્પાએ જ એને કહ્યું, "ના બાબા ના, મને આ ઘર અને આ વસુંધરા સાથે એવું ગોઠી ગયું છે કે એને છોડીને હું ક્યાંય ના જાઉ." પણ નીતાએ તો ભારપૂર્વક એનો આગ્રહ ચાલુ જ રાખ્યો અને દુઃખથી બોલી, "પપ્પા, તમે પણ એવું માનો છો કે દીકરીને ઘેર ના જવાય? ના રહેવાય? તમારા જમાઈ શું આ બધા જુનવાણી વિચારોમાં માને છે?"

- છેવટે એ પપ્પાને એને ઘેર લઈ ગઈ ત્યારે જ જંપી.

વસુંધરા કશું બોલી નહોતી પણ પપ્પા નીતાને ઘેર રહેવા ગયા એ એને ગમ્યું નહોતું. એ ઉદાસ અને ગમગીન થઈ ગઈ હતી. પપ્પા વગર ઘર સૂનું સૂનું લાગતું હતું.

આમ ને આમ ઘણા દિવસો પસાર થઈ ગયા, પણ ત્યાં તો ભાવનગરથી વુસંધરાના પિતરાઈ ભાઈ આવ્યા. એમના દીકરાનાં લગ્ન હતાં. ભાવનગરથી કોઈક દૂરના ગામે જાન જવાની હતી. એમણે લગ્નમાં, આવવા માટે ખૂબ આગ્રહ કર્યો. વસુંધરાનું મન છૂટું થશે અને એને થોડુંક ગમશે એમ માની મેં વસુંધરાને લગ્નમાં એકલી જવા માટે ખૂબ સમજાવી અને મારું કહ્યું માની છેવટે એ કોચવાતા મને લગ્નમાં ભાવનગર ગઈ.

પણ કમનસીબે બીજા જ દિવસે ન બનવાનું બની ગયું. નીતાએ અધ્ધર શ્વાસે ખબર આપ્યા, કે પપ્પાને ઓચિંતો કશોક ઝેરી તાવ આવ્યો છે. હું તરત જ એના ઘેર દોડી ગયો. પપ્પા લગભગ બેભાન અવસ્થામાં હોઠ ફફડાવી કશુંક બબડતા હતા. મેં બહુ જ બોલાવ્યા ત્યારે પરાણે આંખો ખોલી પણ અમને ઓળખતા ના હોય એમ પાછી આંખો બીડી દીધી ને અમે કશુંક કરીએ, કશુંક ચોક્કસ નિદાન થાય, સારવાર થાય એ પહેલાં તો એજ રાતે ઊંઘમાં ને ઊંઘમાં એમણે કાયમ માટે આંખો મીંચી દીધી.

હું તો હતપ્રભ જ થઈ ગયો.. મૃત્યુ પાસે સાવ પંગુ, લાચાર, દયામણો બન્યો.

વસુંધરાનો સંપર્ક કરવાનો બહુ પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ ગયો.. એના પિતરાઈ ભાઈને ત્યાં ફોન હતો નહિ. જે ગામ જાન ગઈ હતી.. એના પણ કોઈ ફોનના નંબરો હતા નહિ. એને રૂબરૂ લેવા જવાય એટલો સમય હતો નહિ. મેં ભારે હૈયે, અપરાધના ભાવે પપ્પાને અગ્નિસંસ્કાર આપ્યા.. જોતજોતામાં શું નું શું થઈ ગયું!

ભાવનગરથી વસુંધરા આવી ત્યારે મેં ધાર્યું હતું એવું જ થયું. એ તો એકદમ સ્તબ્ધ થઈ ગઈ - સૂનમૂન થઈ

ગઈ. ના કશું બોલી, ના કશી ફરિયાદ કરી... એક પછી એક દિવસો પસાર થતા ગયા. હવે તો સવારે કે રાતે એ કશું ગાતી પણ નહોતી. સંગીતનો રિયાજ બંધ થઈ ગયો હતો. શાંત તાનપુરો એક ખૂણામાં પડ્યો હતો.

મારાથી ના રહેવાયું એટલે એક દિવસ વહેલી સવારે એ મૂંગી મૂંગી પંખીઓને ચણ નાખતી હતી ત્યારે હું એની પાસે ગયો અને એનો હાથ હાથમાં લઈ એના માથાના વાળ પસવારી મેં ધીમેથી વહાલથી એને કહ્યું, "વસુ, આવું કેટલા દિવસ ચાલશે? તું મારો તો વિચાર કર... મારા મનમાં શું થતુ હશે! તું મારી સાથે પણ ખાસ કશું બોલતી નથી એટલે મને કશીક પીડા, બેચેની, ગૂંગળામણ થાય છે.

ત્યાં તો એ ઓચિંતી જ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી ને દુઃખના આછા ચિત્કાર સાથે બોલી ઊઠી, "પણ મારી એકલી સાથે જ વારંવાર આવું કેમ બન્યા કરે છે? હું જ આટલી બધી કમનસીબ કેમ છું? મારા પપ્પા મને આમ અચાનક મળ્યા વગર કાયમ માટે ચાલ્યા ગયા હતા, આપણા પપ્પા પણ હું સહેજ દૂર ગઈ એટલામાં તો જતા રહ્યા! છેલ્લીવાર મળ્યા પણ નહિ, જોયા પણ નહિ.. મારો શો વાંક! મારા જ જીવનમાં આટલી બધી એકલતા... ખાલીપો..." પછી બોલતા બોલતાં એનો અવાજ રૂંધાઈ ગયો ને હીંચકા પર ફસડાઈને બેસી પડી.

હું એની પાસે ગયો ને ધીમેથી લાગણીભર્યા અવાજે કહ્યું, "વસુ, તું કમનસીબ નથી, તારા જીવનમાં ખાલીપો નથી.. તું જો તો ખરી તારા જીવનમાં કેટલું બધું છે! આ પંખીઓ... એમને પાણી પીવાની આ તારી તાંબાની નાનકડી કુંડી... આ ફૂલોનો રંગ, એની સોડમ, એની મુલાયમ પાંદડીઓ... આ જૂઈ ને મધુમાલતી... આ છોડવાઓની કુમાશભરી લીલાશ... આ સવારનો ઉજાસ... આ આપણો હીંચકો... તારું સંગીત.. ખૂણામાં પડેલો પેલો શાંત તાનપુરો... તારા જીવનમાં શું નથી? તારા જીવનમાં તું પોતે જ છે, વસુંધરા છે.. ને... ને હું છું..." આમ કહી વહાલથી એના હાથ મારા હાથમાં લઈ મેં એનાં આંસુ લૂછી નાખ્યાં.

થોડી વાર સુધી એ મારી સામે એની અમીભરી પ્રસન્ન દષ્ટિએ જોઈ રહી. આછું મધુર સ્મિત કર્યું અને પછી મારો હાથ પકડી અંદર ઘરમાં પપ્પાના રૂમ પાસે લઈ ગઈ.

મારા આશ્ચર્ય અને આનંદ વચ્ચે એણે ખૂણામાં પડેલો તાનપુરો લીધો, એના તાર મેળવ્યા અને પછી પપ્પા વારંવાર ગાતા હતા એ રાગ દેશીમાં **"મેરે ડેરે આવો"** આછા આછા સૂરમાં શરૂ કર્યું.

વસુંધરાની આંખો નીચે ઢળેલી હતી પણ એના શબ્દોમાં જુદા જુદા ભાવ અને લાગણીઓનું કોઈ અલૌકિક ગહન-મધુર આર્જવ પ્રકટ થતું હતું. ધીમે ધીમે શબ્દોનો અર્થ લુપ્ત થતો જતો હતો અને સૂર, લયબદ્ધ સૂર ચારે બાજુ છવાઈ ગયો. ફરી પાછું ચારે બાજુ બધું ભૌતિક-અભૌતિક આંદોલિત-રોમાંચિત થઈ ઉઠ્યું... સામેનો અરીસો, કબાટ, ખુરશીઓ, પલંગ, છત, દીવાલો, બધું જાણે કોઈ લયના પ્રવાહમાં ઓગળી રહ્યું હતું. સમગ્ર ઘર જાણે સૂરના પ્રવાહમાં આમતેમ આંદોલાતું હતું મારું પોતાનું અસ્તિત્વ જાણે લયબદ્ધ સૂર બની મારી સામે હવામાં તરતું હતું - લહેરાતું હતું.

***- વિભુત શાહ (ટૂંકાવીને "સર્જક ઉદ્‌ગાર"માંથી સાભાર)***


## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૨**

**તેરમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ | |
|---|---|---|---|
| 970 | TVS વીક્ટર | નિતાબેન પરેશકુમાર શાહ | |

કોમ્પ્યુટર સેટઃ ૧૩૭, હેન્ડીકેમ કેમેરોઃ ૧૪૧૩, ફ્રિઝ ૨૩૦ લિ.: ૧૭૪૪, આટા મેકરઃ ૨૦૩૨

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રીઝ): ૨૧૦૦, (૨. ટીવી) : ૧૭૧૯, (૩. વોશીંગ મશીન) : ૮૪૮
(૪ થી ૫ ઓવન) : ૧૩૬૧, ૪૭૩
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૧૬૮૧, ૨૦૯, ૧૪૨૩, ૮૦૫, ૧૮૭૪
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૬૭૪, ૨૦૦૧, ૧૪૯૨, ૧૮૩૭, ૧૭૦
(૧૬ થી ૨૫ સેન્ક્વીચ મેકર) : ૫૧૧, ૪૬૯, ૨૧૦૫, ૧૭૪૩, ૬૪૮, ૬૯૩, ૫૩૮, ૧૭૭૩, ૪૯૬, ૭૪૧
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૦૧૨, ૧૬૬, ૧૩૨૪, ૨૩૯, ૧૬, ૧૧૬૫, ૨૮૭, ૧૭૦૨, ૧૩૪૬, ૮૦૪
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૮૬૯, ૪૨૩, ૫૨૩, ૧૮૪૫, ૮૯૪, ૯૯૯, ૧૧૭૬, ૧૬૪૧, ૩૧૦, ૧૨૧૭
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૮૩૨, ૬૦, ૧૯૪૪, ૧૫૭૯, ૧૭૦૬, ૧૩૭૫, ૬૪૧, ૧૯૦૨, ૪૬૫, ૧૩૧૮, ૧૩૪૧, ૧૮૧૭, ૧૮૪૪, ૧૦૯૧, ૩૭૪, ૧૮૫૬, ૧૦૦૧, ૨૨૭, ૨૦૦૩, ૬૨૫
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૩૯૭, ૫૩૭, ૧૪૭૫, ૨૧૧૫, ૩૫, ૧૨૬૯, ૧૭૧૮, ૧૩૯૧, ૨૧૮૨, ૭૯૫, ૧૬૩૧, ૧૯૯૬, ૨૦૧૮, ૧૩૪૩, ૧૯૦

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99065 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**



**શુભેચ્છા સહ...**
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404



શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.




## ગૃહઉદ્યોગ પ્રોત્સાહન માટે અભિનંદન

પ્રકાશ-સમીક્ષાના અંક ૨૧વાંચીને ગૃહઉદ્યોગ પ્રોત્સાહન માટે કાર્ય શરૂ કરેલ છે તે માટે અભિનંદન. આપનું કાર્ય પ્રશંસનીય છે અને વધુ ને વધુ લોકોને લાભ મળે એ આશા, અને આપના કાર્ય માટે શુભકામના.

અમારી સંસ્થા નિરલ બિઝનેશ ઇન્સ્ટિટ્યૂટ લગભગ ૧૫૦ થી વધુ ગૃહઉદ્યોગો શરૂ કરવા પ્રશિક્ષણ આપે છે. અને લગભગ ૩૫ વર્ષોથી સતત કાર્યરત છે. અને મિણબત્તી, અગરબત્તી, ફોટો લેમિનેશન, સ્ક્રિન પ્રિન્ટીંગ, ફિનાઈલ, સાબુ, શેમ્પૂ, હોમમેડ ચોકલેટ, મુખવાસ જેવા ૧૫૦ ગૃહઉદ્યોગો માટે પ્રશિક્ષણ આપી છીએ.

જ્ઞાતિજનોને વધુ માહિતી મેળવવા અમારી વેબસાઈટની મુલાકાત લેવા આમંત્રણ છે. www.niralbi.com અને www.candlemould.com હોમમેડ ચોકલેટ, મુખવાસ, ફ્લોટીંગ મિણબત્તી જેવા ઉત્પાદનો શ્રીમતી તરલા રમેશ મૈશેરી અને કુ. નિરલ રમેશ મૈશેરી શીખવાડે છે. લોકો શીખીને ગૃહઉદ્યોગ કરે છે તથા પોતાના સ્વયં ઉત્પાદન અને વપરાશ માટે શીખી સાત્વિક ગુણવત્તા મેળવે છે અને પોતાના ખર્ચમાં પણ બચત કરી શકે છે.

અમારી પાસે શીખવાડાતા વિષયોમાંથી જો કોઈ જ્ઞાતિજનોને પ્રશિક્ષણ, માર્ગદર્શન મેળવવું હોય તો જ્ઞાતિજનો સંપર્ક કરે એવો અનુરોધ છે. નિરલ બિઝનેશ ઇન્સ્ટિટ્યૂટ, ૨૩૦ ગાલા કૉમ્પ્લેક્ષ, ડંપીંગ રોડ, મુલુંડ (વે), મુંબઈ-80. ફોન (022) 25641428, 09833744976 પ્રકાશ-સમીક્ષાને ગૃહઉદ્યોગ પ્રોત્સાહનના કાર્ય માટે હાર્દિક અભિનંદન. Keep it up.

*મુલુન્ડ : ૧૪-૬-૧૨* — *- રમેશ શીવજી મૈશેરી*

## જ્ઞાતિના યોગ-સંયોગ!

"પ્રકાશ" ૧૯૨૫થી કાર્યરત છે લગભગ ૮૭ વર્ષ થયા. "ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ" પણ ૧૯૨૩થી ૧૯૨૫ના વર્ષોમાં શરૂ થયેલ. આમ જોવા જઈએ તો જ્ઞાતિના મુખપત્રને ખરેખર રાષ્ટ્રીય રૂએ પણ ગણી શકાય.

તાજેતરમાં બે નવા મુદ્દાઓ પ્ર.સ.ના માધ્યમથી જાણવા મળેલ છે એક **"અનંતછાયા"** વિવાદ. લાગે છે ક્યાંક અહમ ઘવાય છે ! બીજું **સમસ્ત મહાજનનો પુનર્જન્મ.** જેના જ્ઞાતિ સંપર્ક અભિયાનથી સમગ્ર જ્ઞાતિના મહાજનના ઉદ્દેશ્યોની છણાવટ જાણવા મળી જે અનુમોદનીય છે.

*આણંદ ૧૮-૬-૧૨* — *ડૉ. ઠાકરશી મૈશેરી*

## ઉત્તમ અનુમોદનીય કાર્ય... પણ

તાજેતરમાં એક જીવલેણ રેલ્વે અકસ્માતમાં આપણી જ્ઞાતિએ એક હોનહાર નવયુવકને અકાળે ગુમાવેલ.. આવી ગોઝારી ઘટનાના સમયે શોકગ્રસ્ત પરિવારનાં દુઃખમાં સધીયારો આપવા માટે સર્વેને અંતરથી અનુમોદના.. આવા કપરા સમયે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈએ એ જ્ઞાતિજન પરિવારને મદદરૂપ થવા માટે શીઘ્ર નિર્ણય લઈને સહાયની રકમનો ચેક પરિવારને આપ્યો તે વિશેષ અનુમોદનીય છે. પણ આવો ચેક જે સ્થળે અને જે સમયે શોકના માહોલની વચ્ચે અચાનક ઉદ્‌ઘોષણા કરી ડોનેશન રૂપે ચેક અર્પણ કરવામાં આવ્યો તે કેટલું ઉચીત ગણાય?

આવું એક અનુમોદનીય કાર્ય શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદમાં થાય છે.

શ્રી અમદાવાદ જૈન સમાજના દરેક સભ્યના પરિવારજનો માટે અકસ્માત મૃત્યો વિમો રૂા.૨૫૦૦૦૦ (રૂા. અઢી લાખ)નો ભારતીય વિમા કંપનીમાં લીધેલ છે. જેનું પ્રીમીયમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ ભરે છે. અને કોઈનું અકસ્માતે મૃત્યુ થાય તો વિમા કંપનીના અધિકારીઓ સમાજની ઓફીસમાં આવીને સમાજના સભ્ય કુટુંબને રૂબરૂ બોલાવીને ચેક આપે છે. તે સૌની જાણ ખાતર. કંઈ અવિવેક થયું હોય તો મિચ્છામીદુક્કડમ

*મલાડ ૨૦-૬-૧૨* — *- શા. મુરજી નરશી લોડાયા*

## સુચના

***પ્ર.સ. માટેની દરેક ટપાલો માત્ર મુંબઈ ફોર્ટની ઓફિસે જ મોકલવાની છે.***

***ઈંટરનેટ દ્વારા મોકલેલ માહિતી માટે ફોનથી (૦૯૮૨૦૮૦૮૦૭૭) જાણ કરવી.***

***તૈયાર કે નેટથી મોકલેલ માહિતીની પ્રિન્ટ કોપી ઓફિસે મોકલવી.***

***તૈયાર કરીને મોકલેલ જા.ખ. jpg, pdf કે cdr ફોરમેટથી મોકલવી.***

***નેટમાં મોકલાની માહિતી સાથે સુચનામાં કલર કે B/W અને જા.ખ. સાઈઝ જણાવવી. મેલના subject માં News / ચર્ચાને ચોતરે / જીવનચક્ર / Advt. વગેરે જરૂર લખવું.***

***જા.ખ. મોકલનારાએ સુચના તથા પુરૂં નામ-સરનામું જણાવવું જેથી બીલ-રસીદ તુરંત સીધેસીધી મોકલી શકાય.***

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥


કેડીઓ ક્લાસિક
સમાજ ઉત્કર્ષ નિધિ

KDO KLASSIK
SAMAJ UTKARSH NIDHI

MANAGED BY : KDO KLASSIK - MUMBAI REGISTERED UNDER SOCIETIES REGISTRATION ACT. 1860 (REGN. NO. : 1374 OF 1998)

C/O. VIJAY COTTON & FIBRE CO., DHAN NIWAS, GROUND FLOOR, 180, SHRADHANAND ROAD, VILE PARLE (E), MUMBAI - 400 057.
PHONE : 2618 1778 • 2618 1779 • FAX : 2618 1777 • E-MAIL : kdoklassik@gmail.com


## : દંત ચિકિત્સા અભિયાન :

અમારી સંસ્થા દ્વારા ફેબ્રુઆરી, ૧૯૯૮માં શરૂ કરેલ **'પ્રથમ દ્દષ્ટિ (આંખ) અભિયાન'** માં મોતિયા ઉપરાંત ત્રાંસી આંખ (બાડાપણું) તથા પાપણ વગેરેના સેંકડો ઓપરેશન સફળતાપૂર્વક પાર પડેલ છે તથા સેંકડો જ્ઞાતિજનો આંખની સંતોષજનક સારવાર (તપાસણી–દવા–ટીપાં–મલમ) કરાવી ગયા છે.

અમારી સંસ્થા દ્વારા જાન્યુઆરી, ૨૦૦૭માં શરૂ કરેલ **'ENT (કાન–નાક–ગળું) અભિયાન'** માં અમારી સંસ્થાએ ૧૦૦ શ્રવણ યંત્ર (Hearing Aid) જ્ઞાતિજનોને આપ્યા છે તથા કાન–નાક–ગળાના ઓપરેશન પણ કરાવી આપ્યા છે.

આ બંને અભિયાન હાલ ચાલુ જ છે અને ભવિષ્યમાં ચાલુ જ રહેશે.

જ્ઞાતિજનો દ્વારા ઉપરોક્ત બંને અભિયાનોને મળેલ અદ્‌ભુત પ્રતિસાદ તથા લોક ચાહનાથી પ્રેરાઈને હવે અમારી સંસ્થા તા. ૦૧–૦૭–૨૦૧૨થી જ્ઞાતિજનો માટે **'દંત ચિકિત્સા અભિયાન'** શરૂ કરે છે.

દાંતની ચિકિત્સા નાના બાળકથી વયોવૃદ્ધ જ્ઞાતિજન સુધી સર્વેને જરૂર પડે છે. છેલ્લા થોડાં વર્ષો થી દંત ચિકિત્સા અતિશય ખર્ચાળ થઈ ગઈ છે. આ સંજોગોમાં જ્ઞાતિજનોને દંત ચિકિત્સા નિઃશુલ્ક (FREE) કરાવી આપવાનો અમારી સંસ્થાએ નિર્ણય કર્યો છે.

કોઈ પણ જ્ઞાતિજનને દાંતની તકલીફ હોય તો અમારી સંસ્થાનો ઉપરોક્ત સરનામે સંપર્ક કરવા ભલામણ છે.

ભારતના ગમે તે શહેરમાં વસતા જ્ઞાતિજનોને **આંખ** અથવા **કાન–નાક–ગળું (ENT)** અથવા **દાંત**ની તકલીફ હોય તો નિઃશુલ્ક (FREE) સારવાર /ઓપરેશન/ શ્રવણ યંત્ર માટે ઉપરોક્ત સરનામે અમારી સંસ્થાનો સંપર્ક કરવા ભલામણ છે.

આપની તકલીફ અંગે એક પોસ્ટકાર્ડ /પત્ર ઉપરના સરનામે લખી મોકલાવશો તો આપને ઘરે બેઠાં સર્વ માહિતી મોકલાવી આપીશુંજી.

અમારી સંસ્થાને આપની સેવા કરવાનો લાભ આપવા વિનંતી છે.

આભાર.

## પાસ થયા અભિનંદન !



**હર્ષલ નિલેશ લોડાયા**
(યવતમાલ)
HSC (Sc.) - 87%



**હર્નીષા ચંદ્રશ શાહ**
(માટુંગા)
S.S.C. - %



**કુ. સેજલ કિશોર છેડા**
(ડોંબિવલી)
MBA (Fin.) - 68%



**ફેમી પ્રફુલ નાગડા**
(ડોંબિવલી)
SSC - 80.20%



**કેવલ દીપક મોતા**
(ડોંબિવલી)
HSC (Com.)-76.33%



**મયંક રૂપેન ઘુલ્લા**
(ઘાટકોપર)
SSC - 94%



**યશ જિગ્નેશ મૈશેરી**
(અમદાવાદ)
S.S.C. - 90.20%



**રોનક મણીકાંત મૈશેરી**
(અમદાવાદ)
S.S.C. 90.40%



**કુ. ફેનલ મણીલાલ મૈશેરી**
(અમદાવાદ)
H.S.C.(Com.) 79.71%



**કુ. આયુષી જયેશ સોની**
(વડાલા)
S.S.C. - 87.45%



**કુ. નિધિ પ્રતાપ નાગડા**
(ડોંબિવલી)
HSC (COM)-90.33%



**પંક્તિ કેતન લાપસીયા**
(ડોંબિવલી)
H.S.C. - 76.17%



**આકાશ નીતિન મોતા**
()
CBSE CGPA 10 A+



**નેહા ગુલાબચંદ ઘુલ્લા**
(વડોદરા)
S.S.C. - 79.50%



**અક્ષય પરેશ દંડ**
(ડોંબિવલી)
S.S.C. - 76.20%



**નિશિતા જીજ્ઞેશ દંડ**
(ઘાટકોપર)
S.S.C. - 84.18%



**હિતાંશ ધર્મેશ મોમાયા**
(મુલુન્ડ)
ICSC (10) - 87.2%



**દેશા જયચંદ લોડાયા**
(મસ્જીદબંદર)
S.S.C. - 82%


**વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થૈરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થૈરાપી એક્યુપ્રેસર થૈરાપી • પાસ થૈરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થૈરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 • Tel.: 022-24121234**


## લગ્નસંબંધી

મુંબઈ સ્થિત ખાનદાન પરિવારના, કમનશીબે પતિના હાર્ટએટેક-નિધનથી વિધવા બનેલ, સુશિક્ષીત-સંસ્કારી જ્ઞાતિ બહેન ઉ.વ.૩૯, જાણીતી કંપનીમાં કાર્યરત, ઉંચાઈ ૫'-૫" (એક માત્ર સંતાન ૧૨ વર્ષીય દીકરી છે.) માટે યોગ્ય પાત્ર જીવનસાથીની જરૂર છે. માત્ર મુંબઈના પાત્ર પોતાની વિગત સહ સંપર્ક કરે.
ફોનઃ **09820423787** (સવારે ૧૦ થી ૧ દરમ્યાન)

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - દલતુંગી

પ્રિય ગામવાસીઓ,

દર વર્ષની જેમ આ વર્ષે પણ પર્યુષણપર્વ ધામધુમથી ઉજવવાનું નક્કી કરેલ છે. પર્યુષણપર્વ શ્રાવણ વદ તેરસને **મંગળવાર તા.૧૩-૮-૨૦૧૨**થી ભાદરવા સુદ છઠને **બુધવાર તા.૨૨-૮-૧૨** સુધી ઉજવીશું. જમવાની વ્યવસ્થા સંઘને રસોડે રહેશે. આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી બે બહેનો આરાધના કરાવવા માટે પધારશે.

સૌ ગામવાસીઓને માદરે વતન **દલતુંગી** ગામે પધારવા આગ્રહભરી વિનંતી છે.

**ખાસ નોંધ :** દલતુંગી ગામે નૂતન મહાજનવાડીનું કામ પર્યુષણપર્વ પછી તુરંત શરૂ કરવાનું છે. દાતાપરિવાર તરફથી સલાહ-સુચન આવકાર્ય છે.

-: નિમંત્રક :-

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-દલતુંગી વતી**

**પ્રવિણ જેઠાલાલ લાપસીયા (પ્રમુખ) ના જય જિનેન્દ્ર**

## સનસીટી ડેવલપર્સ-ભુજ

**સનસીટી-૩**

**સાતમી મીટીંગના વિજેતાઓને અભિનંદન**

| ટોકન | ઈનામ | ભાગ્યશાળી મેમ્બરનું નામ |
|---|---|---|
| 1783 | હોન્ડા એક્ટીવા | લતા કક્કડ-કલકત્તા |

કોમ્પ્યુટર સેટ: ૧૯૩૭, હેન્ડીકેમ કેમેરો : ૧૬૯૮, ફ્રિઝ ૨૩૦ લિ. ૨૫૯, આટા મેકર : ૨૮૪

**-: આશ્વાસન ઈનામો :-**

(૧. ફ્રિઝ) : ૧૨૨૬, (૨.ટીવી) : ૧૭૭, (૩.વોશીંગ મશીન) : ૯૭૪,
(૪ થી ૫ ઓવન) : ૩૩૦, ૭૨૦
(૬ થી ૧૦ ડીવીડી પ્લેયર) : ૧૭૦૯, ૧૧૪, ૧૩૨૧, ૧૧૦, ૯૯૮
(૧૧ થી ૧૫ મિક્ષ્ચર જ્યુસર) : ૧૩૭૫, ૫૦૯, ૧૭, ૧૩૫, ૧૮૬૩
(૧૬ થી ૨૫ સેન્ડવીચ મેકર) : ૧૬૩, ૧૮૨૧, ૧૭૧૨, ૭૩૦, ૧૦૧૨, ૪૪૧, ૯૬૫, ૫૦૮, ૬૪૨, ૧૧૫૩
(૨૬ થી ૩૫ સોડા મેકર) : ૧૦૪૪, ૧૪૫૬, ૯૮૮, ૨૦૮, ૧૨૨૫, ૧૬૮૫, ૪૨૧, ૭૨૬, ૩૫૦, ૧૮૯૭
(૩૬ થી ૪૫ મોબાઈલ કલર) : ૧૪૫૧, ૧૯૭૧, ૯૫૩, ૧૬૦૩, ૨૪૯, ૧૩૪૬, ૮૮૫, ૮૯૨, ૧૨૫૧, ૫૨૯
(૪૬ થી ૬૫ મીક્ષ્ચર ગ્રાઈન્ડર) : ૧૮૩૪, ૧૧૬૭, ૧૦૨૦, ૧૫૪૩, ૮૮૭, ૧૩૮૯, ૬૭૨, ૧૬૫૧, ૧૪૧૯, ૧૪૦૮, ૩૩૪, ૧૨૬૪, ૮૦૫, ૬૨૮, ૫૦૨, ૧૯૫૧, ૩૬૬, ૬૧૯, ૧૬૭૭, ૩૦૩
(૬૬ થી ૮૦ હેન્ડ બ્લેન્ડર) : ૧૨૧૩, ૨૫૯, ૪૦૯, ૧૩૭૦, ૧૦૫૨, ૧૭૦૩, ૪૩૭, ૧૧૪૯, ૧૮૫૭, ૨૮૪, ૧૮૩૫, ૧૩૮૫, ૧૪૧૭, ૧૭૩૫, ૧૬૦૧

**આઠમી મિટિંગ તા.૧૪-૭-૧૨ એકમ ભવન ભુજ મધ્યે.**

ભુલચુક ક્ષમ્ય છે - ઈનામ આઈટમો ઓફિસેથી મેળવી લેવી.

**૧૧૪, પહેલા માળે, ધવલ કોમર્શીયલ, છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ. મો. : 99065 47953**

**સૌજન્ય : શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

## હાર્દિક અભિનંદન !



**કુ. સેજલ કિશોર વિશનજી છેડા**

(સુથરી-ડોંબિવલી)

કુ. સેજલ છેડા MBA (Finance)માં First Class પાસ થયેલ છે. Working in State Street Syntel Sourcing Pvt. Ltd., Mumbai

**-: શુભાશિષ :-**

દાદાણાં : **માતુશ્રી તેજબાઈ વિશનજી છેડા પરિવાર**

નાનાણાં: **માતુશ્રી સ્વ. તારાબેન પદમશી** (ચટાઈવાલા) **પરિવાર** (સાંયરા)

માતા-પિતા : **સૌ. જસ્માબેન કિશોર છેડા**

**એવમ સમસ્ત છેડા અને લોડાયા પરિવાર**

## ઝુકી તો જવાય ને... માનવતાની મહેક...



હું સોનગઢ આશ્રમનો (ધો.૯)નો છાત્ર છું. ત્રણેક માસ અગાઉ મને એક નાની બિમારીએ ખૂબ અક્ષમ બનાવી દીધો. માંદગીના બિછાને લાંબા સમય સુધી રહેવું પડે તેવી પરિસ્થિતિમાં મુંબઈની વાટ પકડી મારા માતા પિતા પણ સાથે રહ્યા. માનવજ્યોતનાં શ્રી કુલીનકાંતભાઈ ચાંપશી લુઠીયાનો સંપર્ક કર્યો. મને તત્કાલ માનવ જ્યોતના ડો. જે. પી. ખોનાએ પ્રાથમિક તપાસણી માટે મુલુંડની "લવ-કુશ" હોસ્પીટલમાં આઠ દિવસ માટે દાખલ કરાવ્યો. પછી શ્રી કલ્પેશભાઈ મોતા અને શ્રી પારસભાઈ મૈશેરીનો સંપર્ક કરી આગળ ડો. ડી.ડી. ખોના પાસે બાયોપ્સી કરાવી અને નિદાનમાં જાણવા મળ્યું કે મને કેન્સર છે. જ્યુપીટર હોસ્પીટલમાં વધારે ચેકઅપ થતાં જણાયું કે બ્રેઈન ટયુમરની પુરેપરી શક્યતા છે અને રેડિયેશન અને કિમોથેરપી કરવું જ પડશે.

પ્રથમ લવ-કુશ હોસ્પીટલનું મોટું બિલ અને પછી જ્યુપીટરની મોંઘામાં મોંઘી સારવાર. આવી કપરી મુશ્કેલીમાં ઘણાં દાતાઓએ અને શ્રી કુલીનભાઈએ ખુબજ સારો સહકાર આપ્યો માટે હું અને મારો પરિવાર આ સર્વે દાતાઓ અને શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ અને શ્રી પદમશી કાનજી મૈશેરી ટ્રસ્ટ તેમજ માનવજ્યોત અને સોનગઢના સર્વે પદાધિકારીઓનો અંતકરણ પુર્વક આભાર માનું છું.

ખાસ કરીને આવા કપરા સમયમાં પોતાનો મહામુલો સમય કાઢીને શ્રી કલ્પેશ માણેકજી મોતા, શ્રી પારસભાઈ મૈશેરી, શ્રી ગોવિંદજીભાઈ પટેલ, કુલીનકાંતભાઈ લુઠીયા, સંજયભાઈ ઘરમશી (પુના), માલતીબેન ઘરમશી, વિનોદ લાલકા, હિતેશ દંડ, વિરેન્દ્ર લોડાયા આદી સર્વે કાર્યકરો સતત મારી પડખે રહ્યા અને મને આવી ભયંકર બિમારીમાં સાતા આપી. મારૂં મનોબળ વધાર્યું.

એ સર્વેનો સાચા દિલથી અભિવાદન કરૂં છે. મને આજે નવી જિંદગી મળી છે. સર્વેનો ખુબ ખુબ આભાર..

*રાજકુમાર મહેન્દ્ર દંડ ફોનઃ ૦૯૨૨૧૩૩૯૦૭૫*

## નામ બદલીની સુચના

હું શ્રી હર્ષલ વિજય છેડા (નલિયા-ડોંબિવલી) જાહેર કરું છું કે મારૂં નામ કાનુનીરીતે સતાવાર બદલાવીને **શ્રી હર્ષ વિજય છેડા** કરેલ છે. કૃપા કરી નોંધ લેશો.


## ARJUN HERBAL SYRUP
## (અર્જુન કાળો)

બ્લડ પ્રેશર, ડાયાબીટીઝ, કબજીયાત, મેદસ્વીપણું, ચામડીનાં દર્દો, સંધીવા, અસ્થમા, પથરી, કેલશીયમની કમી વગેરે તેમજ હાર્ટને લગતી તમામ બિમારીઓ માટેનું રામબાણ ઈલાજ.

ગામ **મોટા લાયજા,** તાલુકો માંડવી, કચ્છમાં અર્જુન નામના ઝાડની તાજી છાલ ઉતારીને આ કાળો તૈયાર કરવામાં આવે છે. કોઈપણ પ્રકારની અભક્ષ્ય વસ્તુઓ/પ્રીઝરવેટીવ્સ ઉમેરવામાં આવતા નથી. નાના બાળકથી લઈ મોટી ઉમરની કોઈપણ વ્યક્તી આ કાળો લઈ શકે છે. એમાં કોઈપણ પ્રકારની આડઅસર નથી.

રાતનાં જમ્યા પછી અડધો કપ પીવું. કાળો પીધા પછી કાંઈ ખાવું નહી, પાણી પી શકાય છે.

**પ્રાપ્તીસ્થાન : ઉર્મિલાબેન લાલન**

**રહેઠાણ :** ૧૦૧ સોહમ હાઉસ,
મદનમોહન માલવીયા રોડ, સેંટ પાયસ સ્કૂલની બાજુમાં,
મુલુંડ (વે), મુંબઈ-૮૦.

**ફોન નં.2560 6138, મો. 98924 85555.**



# વડીલોને વંદના...



(ભરૂડીયા-હાલાર)



**સ્વ. જેઠાલાલ પદમશી દંડ** — તા.૪-૧૨-૧૯૯૪

અરીહંતશરણ

**સ્વ. નવલબેન જેઠાલાલ દંડ** — તા. ૨૪-૬-૨૦૦૯

*પાંપણ ઝૂકે ને તમને નમન થઈ જાય,*
*મસ્તક ઝૂકે ને તમને વંદન થઈ જાય,*
*એવી નજર ક્યાંથી લાવીએ*
*કે યાદ કરીએ ને આપના દર્શન થઈ જાય.*

*જેનું રૂપ અમારા સ્વરૂપમાં છે જેના શબ્દો અમારા કર્ણમાં છે.*
*જેનું હૈયું અમારી ધડકનમાં, જેની પ્રેરણા અમારા કાર્યોમાં*
*એવા અમારા માતા-પિતાનો આત્મા*
*મોક્ષગતિ પામી, પરમ પદને પામે એજ અભ્યર્થના સાથે...*

**~ નમ્ર પ્રાર્થી ~**

પુત્રવધુ-પુત્ર : અ.સૌ. સ્મીતા દિલીપ દંડ • અ.સૌ. હીના ઉતમ દંડ
અ.સૌ. સુષમા ચંદ્રકાંત દંડ • અ.સૌ. રાજુલ ધીરજ દંડ

દિકરી : રશ્મીબેન જેઠાલાલ દંડ

દિકરી-જમાઈ : અ.સૌ. ઉર્મીલા શાંતિલાલ ખોના • અ.સૌ. નયના શરદચંદ્ર શીયાડ
અ.સૌ. સરોજ અનિલકુમાર નાગડા

પૌત્ર-પૌત્રી : ચિ. અક્ષીતા ઉતમ દંડ • મહેક ઉતમ દંડ • સ્વીના ચંદ્રકાંત દંડ
નેમીન ચંદ્રકાંત દંડ • મિહીર ધીરજ દંડ

દોહિત્ર-વધુ : નેહલ કોમલ ખોના • શીતલ કૌશલ ખોના

દોહિત્રા-દોહિત્રી : નિખીલ શરદચંદ્ર શીયાડ • ચિંતન શરદચંદ્ર શીયાડ

દોહિત્રી-જમાઈ : લેખા જિનેશ માલદે • હીનલ જીતેશ શીયાડ

પરદોહિત્રા-દોહિત્રી : મીત જિનેશ માલદે • સિધ્ધિ જીનેશ માલદે • વંશ કોમલ ખોના
વૃંદા કોમલ ખોના • નીલ કૌશલ ખોના

**માતુશ્રી મોતીબેન પદમશી ખીમજી દંડ પરિવાર (સેવક ભરૂડીયા)**

**માતુશ્રી દેવકાબેન ગોવિંદજી દામજી ખોના પરિવાર (ગોરખડી)**

**MAA SACHHAI - DADAR (WEST)**

**AKSHITA COLLECTION - MULUND (W)**

**N. J. FASHIONS - MULUND (W)**

# મેઘધનુષી આભા – કવિ તેજ

*- સોમ ધરમશી (વિરાયતન-કચ્છ)*

કવિતા મને ગમે છે. આમ તો સાહિત્યનાં અનેક સ્વરૂપો મનભાવન હોય છે પણ ગમતી કવિતા હૃદયમાં સ્થાન જમાવી બેસે છે કવિતા ગમવાનાં અનેક કારણો હોય છે, કોઈ કવિતાનો વિષય, ભાવ ગમી જાય, કેટલીક કવિતાનાં છંદના સ્પંદન ગમી જાય, કેટલીકનાં લયતાલબધ્ધ, ધ્વનિ સ્વરૂપ ગમી જાય તો કોઈ કવિતા અકારણ ગમી જાય, કવિતા ન ગમવાનું એક પણ કારણ નથી હોતું. જેમ પ્રેમ કરવાનાં કોઈ પણ કારણ હોતા નથી તેમ કટલીક કવિતા સાથે ક્યારે પ્રેમ થઈ જાય છે, તે ઘણીવાર તેની પંક્તિઓ કાનમાં ઘુમરાતી હોય છે ત્યારે તેની પ્રતીતિ થાય છે. સૃષ્ટિ પર પથરાયેલું સૌંદર્ય પણ કવિતા જ છે ને.

કવિતા ગમે છે તેથી તેના રચયિતા પણ જાણતાં અજાણતાં ગમવા માંડે છે. તેમની સાહિત્યીક કૃતિઓ માણતાં માણતાં સ્નેહનાં સ્પંદનો જાગે છે, લાગણીઓના તાર ઝણઝણવા લાગ છે અને કવિ પ્રત્યે એક આશ્ચર્ય અને અહોભાવની લાગણી ઉત્પન્ન થાય છે.

આ કવિ કેવી રીતે રચતો હશે કવિતા? હૃદયના ભાવને, શબ્દોનાં તાણા વાણાં પર ગુંથી પરિપક્વતાનાં નીંભાડામાંથી કાગળ ઉપર સાંગોપાંગ ઉતારે છે ત્યારે કોઈ માતાને પ્રસવ વેદના થાય છે, તેવું જ કાંઈ કવિને થતું હશે? મને ઘણાં બધા કવિઓ ગમે છે પણ કવિ **તેજ** વિશેષ ગમે છે. તેના કારણો શોધવા બેસું તો અમૃત ઘાયલની પંક્તિઓ યાદ આવી જાય.

***"કાજળભર્યા નયનનાં કામણ મને ગમે છે,***
***કારણ નહીં જ આપું, કારણ મને ગમે છે."***

સ્મૃતિપટ પર છવાયેલા વાદળાંઓને વિખેરું અને કવિ શ્રી તેજ સાથેનાં માણેલાં પ્રસંગોનાં સંસ્મરણોની માળા ગુંથવા બેસું તો જુનાગઢના શ્રી મનોજ ખંડેરીયાની અમર રચના લાણીસભર બહાર આવે.

*ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે,*
*બુકાની છોડવા બેસું તો વરસોના વરસ લાગે*
*મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા*
*ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે*

કોઈ પણ વ્યક્તિ સાથેની પ્રથમ મુલાકાત આપણાં માનસપટ પર કેટલાક પરિમાણો અંકિત કરી જાય છે. ઈ.સ. ૧૯૯૨નાં ડિસેમ્બરમાં નલિયામાં પ્રથમવાર શ્રી તેજનાં દર્શન થયાં લઘર વઘર કપડામાં દેરાસરનાં પગથિયાં પર બેઠોલો વ્યક્તિ કવિ તેજ હશે એની કલ્પના પણ ન કરી શકાય. કવિએ ભાવવિભોર થઈ મારા બનેવી (સ્વ.) શ્રી નોણશી દેવશી ખોનાનું સ્વાગત કર્યું અને તેમની મઢુલીમાં બે કલાકની રેયાણ કરી. કચ્છી ભાષાનાં કાવની સરવાણીમાં જે ભીંજાયો તે હજી સુધી યાદ છે. નિખાલસ નિર્દોષ વ્યક્તિત્વ ધરાવતા "તેજ" તે દિવસથી જ ગમવા લાગ્યા.

તેજની પાસે નિરિક્ષણની એક વિશેષ કલા છે. એ કલા જીવનસાથીના વિયોગ પછી કચ્છનાં સીમાડામાં, રખડતાં-રખડતાં આ અલગારી માણસે કદાચ આત્મસાત કરી હશે. આ અદભૂત નિરિક્ષણ કલાનાં દર્શન તેમની કવિતામાં ઠેર ઠેર જોવા મળે છે. કચ્છમાં કેટલાય ઘરોમાં કીડી અને માકુડા (મંકોડા)નું સામ્રાજ્ય ફેલાયેલું હોય છે. તેમની વિશિષ્ટ ખાસિયતો હોય છે પણ આપણને તે દ્રષ્ટિગોચર થતી નથી. કવિની વેધક નજર તેમની હિલચાલનો આપણે અનોખો ચિતાર આપે છે.

કવિની નિરીક્ષણ શક્તિ પૂર્ણમાનાં ચંદ્રની માફક પુસ્તક "પખિયનજિયું પિરોલિયું" માં છવાઈ ગઈ છે. ૩૧૮ પક્ષીઓના નિરીક્ષણ કરી ઝીણાંમાં ઝીણી બાબતો કવિતામાં ઢાળી અને રજુ કરવી એ અદભૂત કામ તેજ જ કરી શકે. કચ્છમાં રહેતા રહેતા ઘણા બધા પધારતાં પક્ષી મહેમાનો સાથે મારી ઓળખાણ તેમનાં આ સંદર્ભયુક્ત ગ્રંથ દ્વારા થઈ છે.

કવિની અંદર એક ભગત જીવ પણ બેઠેલો છે. અને તેથીજ પ્રભુભક્તિનાં ગીતો શ્રી પાર્શ્વનાથ તથા ભોળા શિવશંભુ ઉપરના કાવ્યોમાંથી મળે છે. સાથે સાથે ધર્મમાં ઘુસી ગયેલા ઢોંગીપણા તેમજ સામાજિક અન્યાયો ઉપર ચાબખા મારવાનું "તેજ" છોડતા નથી તેથી કેટલાક લોકો વચ્ચે તે અળખામણાં થઈ પડે છે.

ફક્ત ચાર ચોપડીનો અભ્યાસ તે છતાં કવિતાનાં બધા સ્વરૂપોનું ખેડાણ કરી શકે તે ઈશ્વરી દેન હશે કે આંતરિક સુઝ? પારંપારિક કવિતાથી લઈ અતિ આધુનિક કવિતાના લક્ષણો તેમની કવિતામાં દ્રષ્ટિગોચર થાય છે. પ્રભુભક્તિના ગીતો, કાફીઓ, દુહાઓ, ગીતો ગઝલો, બેત, અછાંદસ, હાઈકુ કે તાન્કા તેમની કવિતામાં પ્રાણ પુરે છે. બાળ કાવ્યો, રાસ ગરબા, પીરોલી ઉપર પણ તેમણે હાથ અજમાવ્યો છે.

કવિતાનો કોઈ પણ વિષય કે કોઈ પણ પ્રકાર તેમની પાસેથી છટકી શક્યો નથી. આવા કવિશ્રીનું કચ્છ સાહિત્ય અકાદમી કે દિલ્હી સાહિત્ય અકાદમી ગૌરવ સન્માન કરે તે સરસ્વતી દેવીનાં આશીર્વાદ છે. કવિશ્રીનું ૩૦મું પ્રકાશન "અધપ" પ્રસિધ્ધ થઈ ચુક્યું છે અને ૩૧મું પ્રકાશન "વનાડો" પ્રેસમાં છે અને હજી ઘણાં માતબર પ્રકાશનો આપણને મળે તેવી આશા રાખીએ.

કવિ શ્રી તેજ ૧૧ જુલાઈ ૨૦૧૨નાં, ૭૫મા વર્ષમાં પ્રવેશ કરશે. જીવનનાં સુર્યનું "તેજ" હવે અસ્તાચળ પર સલુણી સંધ્યાના રંગોમાં પલટાઈ રહ્યું છે મા સરસ્વતીનાં આર્શીવાદથી તેમની લેખની અવિરતપણે વહી રહે છે. પરમાત્માને પ્રાર્થના કે તેમને દીર્ઘાયુ બક્ષે અને જ્યાં સુધી તેમનાં કાવ્યની સરવાણીમાં ઝંપલાવીએ અને મનથી તરબોળ થઈ જીવન દર્શનનું ગીત ગાતા રહીએ.

***ખીલી ગિન મિલી ગન, હી મોબતજો મેડો***
***ચૈંઈ ડીએં જે ખેલ મેં "તેજ" ખોભરો કેડો...।***
***મોબતીલે માડુ તેજ કે સો સો સલામ...***

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર
## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યાછાત્રાલય-ઘાટકોપર
## વિદ્યાર્થીગૃહ તથા કન્યાછાત્રાલયનું ગૌરવ

**એચ.એસ.સી./એસ.એસ.સી.માં ઉતિર્ણ છાત્રા / છાત્રાઓને અભિનંદન**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ના એચ.એસ.સી. અને એસ.એસ.સી.માં દરેક છાત્રા/છાત્રાઓ ઉતિર્ણ થતાં વિદ્યાર્થીગૃહ તથા કન્યાછાત્રાલયનું પરિમામ ૧૦૦ ટકા આવેલ છે.

### ધોરણ ૧૨ (એચ.એસ.સી.)

### શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ


દિપક ભરત દંડ


અંકિત તિલકચંદ લોડાયા


પિયુષ ચિમનલાલ લોડાયા

### શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યાછાત્રાલય


પ્રિયંકા રાજેન્દ્ર લાલકા

### ધોરણ ૧૦ : (એસ.એસ.સી.)

### શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ


હાર્દિક મુલચંદ મૈશેરી


કરણ રાયચંદ નાગડા


રિષભ નિતીન મોતા


જયેશ વનરાજ લાપસીયા

### શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.દ.ઓ. જૈન કન્યાછાત્રાલય


રૂચિરા નિતીન ઘરમશી

ઉત્તિર્ણ થયેલ દરેક છાત્રા/છાત્રાઓને તેમની સફળતા બદલ ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્ટાફ તથા વિદ્યાર્થીગૃહ અને કન્યા છાત્રાલયના સર્વે વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ અભિનંદન.

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

### Efforts

A giant engine failed. The ship's owners tried one expert after another, but none of them could figure but how to fix the engine. Then they brought in an old man who had been fixing ships since he was very young. He carried a large bag of tools with him ....... And when he arrived, he immediately went to work. He inspected the engine very carefully, top to bottom.. Two of the ship's owners were there, watching this man hoping he would know what to do. After looking things over; the old man reached into his bag and pulled out ...... A small hammer. He gently tapped something. Instantly the engine lurched to life. He carefully put his hammer away. The engine was fixed ....

